# વૈદિક વાક્યરચનામાં સર્વનામો અને વ્યાકરણની વિસંગતિ : तत्त्वमसि (છા. ઉપ. ૬.૮-૧૬)નું વિવેચન.

પ્રો.ડૉ. બંસીધર ભટ્ટ (જર્મની)

§૧ : પ્રાસ્તાવિક :

ભારતીય સંસ્કૃતિમાં સંસ્કૃત-ભાષા-ક્ષેત્રનું સાહિત્ય અને પ્રાકૃત-ભાષા-ક્ષેત્રનું સાહિત્ય, બંને પરસ્પર સંકળાયેલાં (interdisciplinary) રહ્યાં છે. આ ક્ષેત્રોનાં સાહિત્ય સર્વલક્ષી (આર્ય/આર્યેતર) સામગ્રી ધરાવે છે. તેમાં ધર્મ, દર્શન, સમાજ, અર્થવ્યવસ્થા, રાજનીતિ, ઇતિહાસ, સાહિત્ય (કાવ્ય, નાટક, અલંકાર), છંદ, વ્યાકરણ, પુરાતત્ત્વ, ઇત્યાદિ પ્રકારના ગ્રંથો કે વિષયો મળી આવે છે; અને તે બધા ગ્રંથોમાં/વિષયોમાં પણ પરસ્પર વિચાર વિનિમય થતો રહ્યો છે; એટલે કે સંસ્કૃત કે પ્રાકૃત ભાષાના ગ્રંથોમાં ઉપર્યુક્ત વિષયો ક્યાંકને ક્યાંક મળી જ આવે છે. પરંતુ, સંસ્કૃત ગ્રંથોમાં અધ્યયન-સંશોધન કરનારા આપણા ભારતીય વિદ્વાનો પ્રાકૃત ગ્રંથોની અક્ષમ્ય ઉપેક્ષા કરે છે, તે રીતે પ્રાકૃત ગ્રંથોમાં અધ્યયન-સંશોધન કરનારા વિદ્વાનો પણ સંસ્કૃત-ગ્રંથોની અક્ષમ્ય ઉપેક્ષા કરે છે. વળી, આ રીતે અધ્યયન-સંશોધન કરનારા વિદ્વાનો પોતપોતાની રુચિના વિષયના "ખાબોચિયામાં" જ રાચ્યા રહે છે : જેમ કે, ઔપનિષદ કે દર્શનશાસ્ત્રના વિદ્વાનો વ્યાકરણ પ્રત્યે કે દાર્શનિક વિચારોની ઉત્ક્રાંતિ માટે જાતક કથાઓ અને પ્રાકૃત-પાલિ સાહિત્ય પ્રત્યે પણ દુર્લક્ષ્ય સેવે છે. તેમ વ્યાકરણ શાસ્ત્રના વિદ્વાનો પાણિનિ-અષ્ટાધ્યાયીના "કુંડાળામાંથી" બહાર નીકળીને પ્રાતિશાખ્યો, નિરુક્ત, ઉપનિષદો, રામાયણ-મહાભારત કે પુરાણો, અને જાતક કથાઓ કે પાલિ-પ્રાકૃત સાહિત્ય જેવા વિષય-ગ્રંથોમાં પ્રાપ્ત ભાષા-લોકભાષા માટે ડોકિયું પણ કરતા નથી; તે રીતે અલંકારશાસ્ત્રના "કૂપમંડૂકો" પ્રાકૃત-સંસ્કૃત-ભાષા, છંદવિકાસ, વૈદિક વાઙ્મય, વગેરેનું અનુશીલન કરતા જ નથી. આ વિદ્વાનોને કોણ સમજાવે કે દાર્શનિક વિચારધારાના કે નાટ્યશાસ્ત્રના કે વ્યાકરણશાસ્ત્રના તથા લોકભાષાના સંકેતો કે વિકાસ માટે સમાંતર જતા સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનું કે તેમાં મળી રહેતા વિષયોનું અધ્યયન પણ અત્યંત આવશ્યક છે. અને વળી વૈદિકગ્રંથોના વિદ્વાન/પંડિતો તો પોતાની એક આગવી પુરાણી દુનિયામાં જ સંતુષ્ટ રહે છે. અને વૈદિક સાહિત્ય માટે ખાસ જરૂરી મુદ્દા (વાક્યરચના, ભાષાકીય ક્લિષ્ટતા, ભાષાવ્યુત્પત્તિશાસ્ત્ર, વગેરે) વિષે અજ્ઞાન ધરાવે છે.

ઉપર્યુક્ત પ્રકારના વિદ્વાનો એવો દાવો તો કરે છે કે, તેઓએ તેમના મુખ્ય ક્ષેત્રના/વિષયના અધ્યયન-સંશોધન માટે ઈતર ક્ષેત્રનું/વિષયોનું પણ અધ્યયન કર્યું છે. પરંતુ તેમનો આવો દાવો યોગ્ય લાગતો નથી. જેમકે, અલંકારશાસ્ત્રના વિદ્વાને વૈદિક વાઙ્મયનું કે અન્ય ભાષાકીય સાહિત્યનું અધ્યયન કર્યું હોય, પણ વૈદિક કે અન્ય ભાષાકીય સાહિત્યના અધ્યયન-સંશોધનની પકડ તો તેને હોતી જ નથી, આથી તે તે વિષયોનાં કે ક્ષેત્રોનાં પાશ્ચાત્ય અને ભારતીય સંશોધનોમાંથી મુખ્ય મુખ્ય આધુનિક સંશોધનોનો આધાર લેવો જ જોઈએ. આવો આધાર આ વિદ્વાનો લેતા નથી. વળી, ગ્રંથ-વિશ્લેષણ-પ્રક્રિયાનું પણ તેમને પૂરતું જ્ઞાન હોતું નથી. સંસ્કૃત વ્યાકરણ-શાસ્ત્ર ક્લિષ્ટ રહ્યું છે. આથી ઉપર્યુક્ત અમારું વિધાન વાંચી કોઈ વ્યાકરણશાસ્ત્રનો વિદ્વાન તરત એવી ટકોર કરશે કે : પાણિનિ-અષ્ટાધ્યાયીના "કુંડાળામાં" તમે તો જરા પગ-પેસારો કરી જુઓ ! આ બાબતે અહીં જણાવવું પડે કે : ભાષા પાણિનિ-અષ્ટાધ્યાયીમાં નિયમોથી બંધાઈ ચૂકી તે પહેલાંની વૈદિક ગ્રંથોમાં, શિલાલેખોમાં, જાતકકથાઓમાં, પાલિ-પ્રાકૃત ગ્રંથોમાં મળી આવતી ભાષા/લોકભાષાનાં વિશ્લેષણ કરી, અને તે સંબંધી ભાષા-વ્યુત્પત્તિ-શાસ્ત્રના વિદ્વાનોનાં સંશોધનોમાં રહેલી આ વ્યાકરણશાસ્ત્ર કરતાં ય વધારે ક્લિષ્ટ પ્રક્રિયા સમજવા/સમજાવવા તે પોતાની બુદ્ધિ કસી જુએ અને "કુંડાળાને" જ ક્લિષ્ટ, વિષય-સર્વસ્વ માની લેવાનો ભ્રમ ના રાખે !

ઉપર જે તે તરી આવતાં, સંશોધનનાં આવશ્યક લક્ષણોને આવરી લેતો - તેના આદર્શ ઉદાહરણરૂપે - એક સંશોધન લેખ અહીં પ્રસિદ્ધ કરીએ છીએ. તેમાં વૈદિક - ઔપનિષદ્ સાહિત્યમાં જાણીતા અમેરિકાના વિદ્વાન જોયલ પી.

બ્રેરેટનના (જુઓ, બ્રેરેટન) ૧૯૮૬ માં પ્રસિદ્ધ થયેલા સંશોધન-લેખના આધારે છાંદોગ્ય (= છાં) ઉપનિષદ (=ઉપ.)ના છઠ્ઠા અધ્યાયના આઠમા ખંડથી સોળમા ખંડ સુધી (૬.૮-૧૬) ધ્રુવપંક્તિ તરીકે પુનરાવર્તન પામતા વાક્યમાં સંકલિત "तत्त्वमसि" વાક્યનું અહીં વિવેચન કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધન-લેખમાં છાં.ઉપ. (૬.૮-૧૬)ના વિષયવસ્તુનું વિવેચન તદ્દન વસ્તુલક્ષી રીતે (objective) થતું રહે તે ઉપર સતત લક્ષ્ય આપ્યું છે તે વાચકો નોંધે ! ઉપરાંત, ભારતીય વિદ્વાનના કે અન્ય વ્યક્તિના હૃદયમાં વસી રહેલા અને દરેકના મુખે એક "મહાવાક્ય" તરીકે સહજ બોલાઈ જતા, તથા અર્થની દૃષ્ટિએ કે સમજવામાં તદ્દન સરળ ભાસતા આ ઔપનિષદ વાક્ય : "तत्त्वमसि"નો યોગ્ય અને અભિપ્રેત અર્થ કયો ઘટી શકે એ બાબતે અહીં (કદાચ ભારતમાં) સૌ પ્રથમવાર વિશદ વર્ણન કરવામાં આવે છે.

**§૨ : ધ્રુવપંક્તિ અને શાંકરભાષ્ય :**

છાં.ઉપ. ૬.૮-૧૬ માં નીચે મુજબ ધ્રુવપંક્તિ આવે છે :

स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं, तत्सत्यं, स आत्मा तत्त्वमसि, श्वेतकेतो इति.... ।

"તે જે આ અણિમા (સૂક્ષ્મતમ) છે, એ સ્વરૂપમય આ બધું (જગત્) છે, તે સત્ય છે, તે આત્મા છે, હે શ્વેતકેતુ, "તત્" તું છે..."

આ ધ્રુવપંક્તિમાં આવતાં त- અને एत- જેવાં સર્વનામો ક્યાં, કયી સંજ્ઞા માટે યોજયાં છે. અને તેમનો વ્યાકરણની દૃષ્ટિએ શો સંબંધ છે તેવા મુદ્દા માટે અહીં વિવેચન કરવાનું આવશ્યક થઈ પડે છે.

છાં. ઉપ. ઉપરના તેના ભાષ્યમાં શંકર આ ધ્રુવપંક્તિ નીચે મુજબ સમજાવે છે :

**स य** सदाख्यः, एष उक्तः **अणिमा** अणुभावो जगतो मूलम् । **ऐतादात्म्यं**-एतदात्मा यस्य सर्वस्य तद्-एतदात्म, तस्य भावः, ऐतदात्म्यम् । एतेन सदाख्येनात्मनात्मवत्**सर्वमिदं** जगत् ।..... येन चात्मनात्मवत्सर्वमिदं जगत्-**तद्**-एव सदाख्यं कारणं, **सत्यं** परमार्थसत् । अतः **स** एव **आत्मा** जगतः प्रत्यक्स्वरूपं सतत्त्वं याथात्म्यम् । आत्मशब्दस्य निरुपपदस्य प्रत्यगात्मनि गवादिशब्दवन्-निरूढत्वात् । अतः, **तद्** सत् **त्वमसीति** हे **श्वेतकेतो** ।....

(પૂના. ૬૬૫ સરખાવો બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય ૧.૧.૬ પાનું ૧૦૯).

"તે જે "સત્" સંજ્ઞક (અસ્તિત્વ ધરાવતું તત્ત્વ) છે. (પહેલાં) જણાવેલું **આ, અણિમા** - અણુનો ભાવ - જગતનું મૂળ (કારણ) છે. એ આત્મા સર્વનો છે તે "એતદાત્મ", તેનો ભાવ = ઐતદાત્મ્ય". એ "સત્" સંજ્ઞક આત્માથી આત્મમય આ સર્વજગત છે..... અને જે આત્માથી આત્મમય આ જગત છે તે જ "સત્" સંજ્ઞક કારણ સત્ય છે. (તે) પરમાર્થ (દૃષ્ટિએ) સત્ છે. આથી તે જ આત્મા જગતનું પ્રત્યક્ (આંતરિક) સ્વરૂપ છે, સાચેસાચ સ્વભાવ છે અને યાથાત્મ્ય (આત્મા) છે, ઉપપદ રહિત આત્મશબ્દ પ્રત્યક્ (આંતરિક) આત્માના અર્થમાં જાણીતો (જગતમાં રૂઢ) છે; જેમ કે ગાય વગેરે શબ્દો. તેથી તે સત્ તું છે; હે શ્વેતકેતુ !...."

આ ધ્રુવપંક્તિ ઉપરનું શાંકરભાષ્ય જોતાં જણાશે કે શંકરે અહીં त- અને एत- સર્વનામો કોઈપણ રીતે સત (અસ્તિત્વ ધરાવતું કોઈ તત્ત્વ; Existent/Being) ના સંદર્ભમાં લીધાં છે, જેમ કે,

**सः यः = सदाख्यः**, આ રીતે एतदात्म्यम् ના પ્રથમપદમાં આવતા एतत् સર્વનામને પણ सत् તરીકે લીધું છે.; જેમ કે, एतेन=सदाख्येन- आत्मना... અને છેલ્લા વિધાન तत्त्वमसि માં આવતા तत् સર્વનામને પણ सत् ના સંદર્ભમાં સમજાવ્યું છે, જેમ કે तद्=सत्. જો કે તાત્ત્વિક (દાર્શનિક) વિચારધારાની દૃષ્ટિએ શંકરનું આ રીતનું અર્થઘટન વ્યાજબી ગણી શકાય, અને તત્ત્વજ્ઞાનમાં सत्ને - અસ્તિત્વ ધરાવતા કોઈ તત્ત્વને - अणिमन् (સૂક્ષ્મતમ કોઈ તત્ત્વ)ના અર્થમાં પણ ઘટાવી શકાય. પરંતુ, આ ધ્રુવપંક્તિ જેવી વિશિષ્ટ વાક્યરચનામાં તો सत् અને अणिमन्, બંને જુદા પ્રકારની સંજ્ઞાઓ છે, અને આ વાક્યરચનામાં આવતાં (પણ છેલ્લા तत्त्वमसि વિધાનમાં આવતા तत् સર્વનામ સિવાયનાં) બધાં સર્વનામો सत्ના સંદર્ભમાં નહીં, પરંતુ अणिमन्ના સંદર્ભમાં યોજાયાં છે. આ મુદ્દો તથા છેલ્લા तत्त्वमसि વિધાનમાં આવતા तत સર્વનામનો યોગ્ય સંદર્ભ, એ મુદ્દો પણ અહીં વિશિષ્ટ વિવેચન માગી લે છે. આ મુદ્દાની ચર્ચાની પહેલાં અહીં ऐतदात्म्य

પાઠ વિષે વિવેચન કરવામાં આવે છે.

§૩ : **ऐतदात्म्यम्** કે **एतदात्म्यम्** ?

શંકર આ ધ્રુવપંક્તિના .... अणिमैतदात्म्यम्... ના બે શબ્દસમૂહને (સંધિને) છૂટા પાડતાં ઉત્તર પદમાં ऐतदात्म्यम् પાઠ સ્વીકારે છે (§૨). બ્યૉહતલિંકે અને તેને અનુસરીને સેનાર્ટે एतदात्म्यम्‌ને બદલે एतदात्मकम् પાઠ સુધાર્યો છે; એજર્ટને (પા. ૧૭૫) તો ऐतदात्म्यम् પાઠ લઈ અંગ્રેજી અનુવાદ કર્યો છે.

ભાષ્યકારો ભાવવાચક નામોના પ્રયોગ કરવાનું વિશેષ વલણ દાખવે છે. અહીં પણ કાલ્પનિક ऐतदात्म्यम् પાઠ ભાષ્યકારોની ભાષામાં કાંઈક સર્વસંમત હોવા છતાં આ પાઠ પ્રાચીન ઔપનિષદ ભાષા-પ્રયોગોને અનુરૂપ નથી. ઉપરાંત ऐतदात्म्यम् પાઠ યથાર્થ વિવરણ કે અનુવાદ કરવામાં અહીં મુશ્કેલી સર્જે છે. આથી અહીં ऐतदात्म्यम् કે एतदात्मकम् જેવા પાઠને બદલે एतदात्म्यम् પાઠ જ યોગ્ય છે એવું સ્પાયરે (૧૮૮૬ : § ૨૭.૧. પા.૧૮; ૧૮૯૬: § ૯૫ b પા. ૩૦) તથા દેલ્બ્રૂકે (§ ૨૭૯: પા. ૫૬૫), રણૂએ (૧૯૬૧: ૩૬૯, પા. ૫૦૦) અને ઈક્લરે (પાનાં ૪....) જણાવ્યું છે, અને વૈદિક વાઙ્મયમાં પણ મળી આવતા આવા પાઠ નોંધ્યા છે. આવા પાઠો છાં. ઉપ. ના ઉપર્યુક્ત પાઠ (एतदात्म्यम्) સાથે સરખાવી શકાય, જેમ કે =

**(૧) મૈત્રાયણીય સંહિતા ૧.૪.૬ (પા. ૫૪) :**

एते वै देवा अहुतादो यद् ब्राह्मणा एतद्देवत्य एष यः पुरानीजानः..... ।

"તે દેવો હોમેલું નહીં ખાનારા બ્રાહ્મણો છે. જેણે પહેલાં યજ્ઞ નથી કર્યો એને આ દેવત્ય (દેવતા ) છે."

एतद्देवत्यः =एते (ब्राह्मणाः) देवत्या एव यस्य सः =

(૨) તૈત્તિરીય બ્રાહ્મણ ૩.૯.૧૭.૩ (પાનું ૧૨૯૭) =

रौद्रं चरुं निर्वपेत्, यदि महती देवताभिमन्येत, एतद्देवत्यो वा अश्वः । स्वयैवैनं देवतया भिषज्यति, अगदो हैव भवति।

"જો મોટો દેવતા (આ પશુને) ઈજા કરે (ત્રાસ આપે) (તો) તેણે રુદ્રને યજ્ઞમાં ચરુ આપવો જોઈએ (ઢોળવો જોઈએ). ઘોડાને એ દેવત્ય છે, (તેથી) પોતાના દેવતા દ્વારા તેનો વૈદ્ય બને છે. તે નીરોગી બને છે."

एतद्देवत्यः =एष=(=रुद्र=) देवत्य एव यस्य सः

ઉપર્યુક્ત ઉલ્લેખોમાંથી ઉદાહરણ (૧)ના एतद्देवत्यः પદમાં યોજાયેલું एतत् સર્વનામ તેના પુરોવર્તી ब्राह्मणाः પદનો સંદર્ભ સૂચવે છે; તથા ઉદાહરણ (૨)ના एतद्देवत्यः પદમાં યોજાયેલું एतत् સર્વનામ તેના પુરોવર્તી रुद्र-શબ્દનો સંદર્ભ સૂચવે છે. તે પ્રમાણે પ્રસ્તુત ધ્રુવપંક્તિના एतदात्म्यम् પદમાં યોજાયેલું एतत्- સર્વનામ પણ તેના પુરોવર્તી अणिमन्- પદનો જ સંદર્ભ જણાવે છે.

एतदात्म्यम्=एषः (=अणिमा) आत्म्यः यस्य तद्

[છાં. ઉપ. ૬.૮-૧૬ માં एतदात्म्यम् પાઠ સાચો છે, તેની મનિઅર-વિલિયમ્સના સંસ્કૃત અંગ્રેજી શબ્દકોષમાં (આવૃત્તિ ૧૮૯૯, પાનું ૨૩૧ b एतद्) એ મુજબ સુધારો કરવાની જરૂર છે !]

§૪ : **"જાતિ-વચન સ્વીકારનો નિયમ"**

પ્રસ્તુત ધ્રુવપંક્તિના तत् सत्यम् શબ્દ-સમૂહમાં વપરાયેલું तत् સર્વનામ પણ તેના પુરોવર્તી अणिमन् (પુલ્લિંગ) પદના સંદર્ભમાં જ યોજાયું છે; છતાં તે त- સર્વનામે अणिमन् નાં જાતિ (પું), વચન (એકવચન) સ્વીકારવાને બદલે सत्य નાં જાતિ (નપું) અને વચન (એકવચન) સ્વીકાર્યાં છે; અને વૈદિક ગદ્યવાઙ્મયની વાક્યરચનાનું અનુસરણ કર્યું છે. વૈદિક ગદ્યની વાક્યરચનાના નિયમ મુજબ દર્શક (deictic) સર્વનામનાં જાતિ અને વચન તટસ્થ રહે છે; તે ગમે તે જાતિ-વચનમાં વપરાય છે. આ સર્વનામ, પ્રથમા વિભક્તિમાં પરંતુ વિધેય (વાચ્ય) તરીકે યોજાયેલા પદનાં (predicate

nominative), અથવા પ્રથમા વિભક્તિમાં કર્તા (પાણિનિ ૨.૩.૪૬ પા. ૫૧૨) તરીકે યોજાયેલા પદનાં (subject nominative), અથવા સંગતિ દર્શાવતા પદનાં (appositive) જે "વચન" અને "જાતિ" હોય છે તે જ વચનનો અને જાતિનો સ્વીકાર કરી લે છે. ટૂંકમાં, દર્શક સર્વનામ જે શબ્દની સાથે હોય તે શબ્દનાં જાતિ અને વચન સ્વીકારી લે છે. આને "જાતિ-વચન-સ્વીકારનો નિયમ" કહે છે. (સરખાવો =સ્પાયર ૧૮૮૬; §. ૨૭.૧ પા. ૧૮; ૧૮૯૬: § ૯૫ b પા. ૩૦; દેલ્બ્રૂક §૨૭૯ =પા. ૫૬૫; રણૂ ૧૯૬૧ : ૩૬૯, પા. ૫૦૦; ઈક્લેર =પાનાં ૪.....) આ જાતિ વચન-સ્વીકારનો નિયમ तत्त्वमसि ના વિવરણ માટે પણ આવશ્યક થઈ પડે છે. સામાન્ય રીતે આ નિયમ અને તેના અનુસંધાનમાં तत्त्वमसि નું વિવરણ કરવા પ્રત્યે અનુવાદ કરનારા લોકોનું ધ્યાન ખેંચાતું નથી. આ જાતિ-વચન-સ્વીકારના નિયમનું ઉદાહરણો સાથે વિશદ વિવરણ કરતાં પહેલાં અહીં સર્વનામ માટે કાંઈક સામાન્ય વિવરણ કરવાનું યથાર્થ લાગે છે. (પાણિનિ કે પતંજલિએ વિધેય પ્રથમા વિભક્તિ વિષે કોઈ વિવેચન કે સંજ્ઞા આપ્યાં નથી !)

સંસ્કૃતમાં અને ખાસ તો વૈદિક ગ્રંથોમાં સર્વનામ અને નામનો એક સાથે થતો પ્રયોગ ગ્રીક ભાષાના નિશ્ચયાત્મક આર્ટિકલના (article = પદનો અર્થનિર્ણય કરનારો અવ્યય-શબ્દ; જેમ કે, અંગ્રેજીમાં the, વગેરે) જેવો હોય છે. જેમ કે ते देवाः (=the gods) આવો પ્રયોગ ઋગ્વેદમાં નથી. આ પ્રયોગ કુરુ-પંચાલ કેન્દ્રમાં પ્રચલિત મૈત્રાયણીય-સંહિતા, કાઠક સંહિતા, તૈત્તિરીય-સંહિતા વગેરેમાંથી બધે (વૈદિકગ્રંથોમાં) ફેલાયો. પ્રાચીન વૈદિક કથાનકો સાધારણ રીતે देवा वै થી શરૂ થાય છે, પરંતુ ઐતરેય - બ્રાહ્મણમાં તેવાં કથાનકો ते देवाः=થી શરૂ થાય છે. આ રીતે વૈદિક सोऽहम्, स त्वम् વગેરે પાલિભાષામાં સં. सोऽहम् > પાલિ सोऽहम् અને સં. (વૈદિક) तं त्वम् > પાલિ. तं तं થયાં. આમ સામાન્ય રીતે વૈદિક શરૂઆત अथ થી થતી ત્યાં ઉત્તરકાલીન વૈદિક ગ્રંથોમાં વાક્યની શરૂઆત स થી થવા માડી (સરખાવો =વિટ્ઝેલ § ૯.૨ પા. ૨૧૩ અને § ૯-૧૦ પા. ૨૨૧).

આથી, त- સર્વનામ સાધારણ રીતે વિશેષણાત્મક (abjectival) નથી હોતું, પરંતુ एत- સર્વનામ વિશેષણાત્મક હોઈ શકે (જુઓ ઈક્લેર પા. ૧૦....) આ ઉપરાંત तत् સર્વનામ (નપું.) ક્રિયાવિશેષણ તરીકે અનેક અર્થમાં વપરાય છે. (જુઓ § ૧૨).

હવે વૈદિક ગદ્યસાહિત્યની વાક્યરચનામાં સર્વનામના જાતિ-વચન-સ્વીકારના નિયમો નીચેનાં ઉદાહરણો ઉપરથી સમજી શકાશે.

**(૧) જૈમિનીય બ્રાહ્મણ ૩.૩૨૬ (પા. ૪૮૭)**

तस्यै.....अक्षरे - उपोदसर्पतां सैवैषाऽनुष्टुबभवत् ।

"તેમાંથી ( वाच् માંથી)...... બે અક્ષરો ઉદ્ભવ્યા; તે બે (અક્ષરો : सा =अक्षरे) આ અનુષ્ટુભ્ છંદ બન્યા" અહીં सा સર્વનામ अक्षरे નો (નપું., દ્વિવચન) સંબંધ દર્શાવે છે, પણ તે સર્વનામે વિધેય-પ્રથમાવિભક્તિ-પદ अनुष्टुभ्નાં જાતિવચન (સ્ત્રી. એકવચન) સ્વીકાર્યાં છે. અહીં सा....अनुष्टुबभवत् થી એવો અર્થ નથી નીકળતો કે "તે....અનુષ્ટુભ્ છંદ બન્યો," પણ અવશ્ય આ જ અર્થ થઈ શકે કે; વાણીમાંથી ઉદ્ભવેલા બે અક્ષરો અનુષ્ટુભ્ બન્યા. અહીં त- સર્વનામ વિશેષણાત્મક નથી; પણ एषा સર્વનામ अनुष्टुभ् ના વિશેષણ તરીકે છે.

(૨) અહીં સંબંધક વાક્યરચનામાં त- સર્વનામ વિષે જણાવવામાં આવે છે. સંબંધક વાક્યરચનામાં મુખ્ય વાક્ય સાથે ગૌણ સંબંધક વાક્ય (Relative clause) સંકળાયેલું હોય છે. આ ગૌણ સંબંધક વાક્યમાં જો કર્તા સ્પષ્ટ હોય, ત્યારે પણ જાતિ-વચન-સ્વીકારનો નિયમ લાગુ પડે છે. અહીં त- સર્વનામ ગૌણ સંબંધક વાક્યમાં કર્તાના સંદર્ભમાં; પરંતુ મુખ્ય વાક્યમાં તે વિધેય પ્રથમાવિભક્તિનાં જાતિ-વચન સ્વીકારે છે, છતાં આ त- સર્વનામ સંદર્ભ તો મૂળ કર્તાનો જ સૂચવે છે ! જેમ કે

**ઐતરેય બ્રાહ્મણ ૩.૩૪.૨ (પા. ૩૭૯. ઓફ.પા.૮૨) :**

यानि परिक्षाणान्यासँस्ते कृष्णाः पशवोऽभवन् ।

" જે [બળી ગયા પછી શેષ]ભૂકો (ખાખ) હતાં તે (परिक्षाणानि) કાળાં પશુ થયાં."

અહીં यानि परिक्षाणान्यासन् ગૌણ વાક્ય સમૂહ છે; અને તેમાં परिक्षाणानि (નપું. બહુવચન) કર્તા તરીકે સ્પષ્ટ છે. તેના સંદર્ભમાં વપરાયેલા તે સર્વનામે परिक्षाणानि કર્તાના સંદર્ભમાં રહેવા છતાં, परिक्षाणानिનાં નપું. જાતિ અને બહુવચન સ્વીકાર્યાં નથી.; પણ વિધેય પ્રથમાવિભક્તિમાં આવેલા पशवःનાં જાતિ (પું.) અને વચન (બહુવચન) સ્વીકાર્યાં છે.

(૩) **જૈમનીય બ્રાહ્મણ ૩.૧૨૬** (પા. ૪૦૭) :

तद् यत् तद् यज्ञस्य शिरोऽछिद्यतेति सोऽसावादित्यः ।

"એમ કહેવાય છે કે યજ્ઞનું તે શિર કપાયું તે(सः=शिरः) એ સૂર્ય [હતો]."

ઉપર જણાવેલી સંબંધક વાક્યરચના જેવી અહીં પણ વાક્યરચના થઈ છે. તેમાં ગૌણ વાક્યસમૂહમાં शिरः=કર્તા સ્પષ્ટ છે. અહીં सः સર્વનામ, મુખ્ય વાક્યમાં વિધેય પ્રથમા-વિભક્તિમાં રહેલા आदित्यः (પુ. એકવચન) મુજબ રહ્યું છે; અને ગૌણ વાક્યના शिरः=કર્તાના સંદર્ભમાં તે હોવા છતાં તેણે शिरःનાં નપું. એકવચન સ્વીકાર્યાં નથી.

(૪) **ઐતરેય બ્રાહ્મણ ૪.૧૭.૬** (પા.૪૮૪,; ઓફ. પા. ૧૧૦)

प्रायणीयोऽतिरात्रश्चतुर्विंश उक्थ्यः सर्वेऽभिप्लवाः षळहा आक्ष्यन्त्यन्यान्यहानि, तदादित्यानामयनम् ।

"પ્રાયણીય (પ્રાસ્તાવિક)-અતિરાત્ર, ચતુર્વિંશ - ઉકથ્ય, સર્વે અભિપ્લવ ષડહ અને બીજા (કેટલાક) આક્ષ્યન્ત દિવસો-તે (तद् = બધા નિર્દેશેલા યજ્ઞ) આદિત્યોનો માર્ગ છે."

આવા પ્રકારની (Proleptic) વાક્યરચનામાં तत् સર્વનામ પૂર્વનિર્દિષ્ટ શબ્દોના સંદર્ભમાં યોજાય છે. અહીં तत् સર્વનામ तदादित्यानामयनम् વાક્યસમૂહમાં યોજાયું છતાં તેનો સંદર્ભ પૂર્વનિદિષ્ટ યજ્ઞવિધિઓ સાથે રહે છે. છતાં આ સર્વનામે अयनम् નાં જાતિ-વચન સ્વીકાર્યાં છે, પરંતુ પૂર્વનિર્દિષ્ટ વિવિધ યજ્ઞવિધિઓનાં જાતિ-વચન (પુ./નપું: એકવચન/બહુવચન) નથી સ્વીકાર્યાં. અહીં अयन પરિણામ છે અને તેનો હેતુ, પૂર્વનિદિષ્ટ યજ્ઞવિધિ ક્રિયાઓ છે.

(૫) **શતપથ બ્રાહ્મણ (૨.૫.૧.૧૮)** (માધ્યંદિન-શાખા) (પા. ૧૭૯) :

प्रस्व उपसंनद्धा भवन्ति, तं प्रस्तरं गृह्णाति प्रजननमु हीदं, प्रजननमु हि प्रस्वस्तस्मात् प्रसूः प्रस्तरं गृह्णाति ।

"ખીલતી કળીઓ/કુંપળો (બર્હિના સમૂહ સાથે) બાંધી છે. તેમને (तं.=प्रस्वः) પ્રસ્તર (તરીકે) ગ્રહણ કરે છે. ખરેખર આ પ્રજનન છે, અને ખીલતી કળીઓ/કુંપળો પ્રજનન છે, તેથી ખીલતી કળીઓ/કુંપળો પ્રસ્તર (તરીકે) ગ્રહણ કરે છે."

આ વાક્યમાં प्रसूः અને प्रस्तरम्, બંનેની યોગ્યતા - યથાર્થતા કે સંગતિ- દર્શાવી છે (Apposition). આ વાક્યના અંતે આવતું વિધાન प्रसूः प्रस्तरं गृह्णाति સ્પષ્ટ કરે છે કે અહીં આ આખા વાક્યમાં तम् સર્વનામ प्रस्तरम् પદના વિશેષણ તરીકે કે દર્શક સર્વનામ તરીકે (deictic) નથી, પરંતુ તે કળીઓના (प्रस्वः) સંદર્ભમાં યોજાયું છે. છતાં આ ત-સર્વનામે प्रस्वः નાં.પું. બહુવચનને બદલે प्रस्तरम्નું નપું. એકવચન સ્વીકાર્યું છે. એગેલીંગે (પા. ૩૮૯) પણ એ મુજબ જ આ વાક્યનું ભાષાંતર કર્યું છે.

**§૫ : વૈદિક વાઙ્મયની અને છા.ઉપ.ની વાક્યરચનામાં સમાનતા :**

ઉપર (§ ૪ માં) દર્શાવેલી વૈદિક ગદ્યની વાક્યરચના જેવી જ વાક્યરચના છા. ઉપ.માં પણ મળી આવે છે તે નીચે જણાવેલાં (૧-૧૧) ઉદાહરણો ઉપરથી સ્પષ્ટ થશે.

(૧) **છાં. ઉપ. ૫.૧૦-૧** (પા. ૩૪૨)

ताः [नद्यः] समुद्रात् समुद्रमेवापीयन्ति । स समुद्र एव भवति । ता यथा तत्र न विदुः.... ।

"આ [નદીઓ] સમુદ્રમાંથી (વહે છે.) અને સમુદ્રને મળે છે. તેઓ (सः=ताः/नद्यः) સમુદ્ર થાય છે. જેમ તેઓ ત્યાં જાણતી નથી...."

આ વાક્યમાં ताः =સર્વનામો નદીઓ માટે – નદીઓના સંદર્ભમાં યોજાયાં છે. ઉપરાંત, આ જ વાક્યના स समुद्र एव भवति વિધાનમાં सः =સર્વનામ પણ નદીઓ માટે યોજાયું છે. છતાં, આ सः સર્વનામે समुद्रःનાં (વિધેય પ્રથમા વિભક્તિનાં) પું. અને એકવચન સ્વીકાર્યાં છે (સરખાવો : ઈક્લેર પા. ૪); નદીનાં (સ્ત્રી. બહુવચન) જાતિ-વચન નથી સ્વીકાર્યાં.

(૨) છા. ઉપ. ૬.૩.૮

ते वा एते पञ्चान्ये पञ्चान्ये दश सन्तस्तत् कृतम् ।

"તે એ પાંચ અન્ય (અને વળી) બીજા પાંચ મળી દશ થતાં તેઓ (तत् =પાંચ + પાંચ) 'કૃત' છે."

અહીં तत् સર્વનામનો સંબંધ पञ्च, पञ्च સાથે સ્પષ્ટ છે; પણ તેણે कृतम् (વિધેય પ્રથમાવિભક્તિ)નાં નાન્ય. અને એકવચન સ્વીકાર્યાં છે; પણ તેણે पञ्च- पञ्चનાં પું. બહુ. નથી સ્વીકાર્યાં.

(૩) છા. ઉપ. ૨.૨૧.૧ (પા. ૯૮)

त्रय इमे लोकाः, स प्रस्तावः अग्नि र्वायुरादित्यः, स उद्‌गीथो नक्षत्राणि वयांसि मरीचयः, स प्रतिहारः । सर्पा गन्धर्वाः पितरस्तन्निधनम्.... ।

"(અહીંના) આ ત્રણ લોક, તેઓ (सः =लोकाः) પ્રસ્તાવ (સામન્, પ્રાસ્તાવિક સ્તુતિ) છે. અગ્નિ, વાયુ અને સૂર્ય, તેઓ (स : =अग्निः + वायुः + आदित्यः) =ઉદ્‌ગીથ (સામવેદગાયન) છે. નક્ષત્રો, પક્ષીઓ અને મરીચિઓ (પ્રકાશ-કિરણો), તેઓ (सः=नक्षत्राणि + वयांसि + मरीचयः =) પ્રતિહાર (સામન્‌ના અક્ષરો) છે. સર્પો, ગંધર્વો અને પિતૃઓ, તેઓ (सः =सर्पाः + गन्धर्वाः + पितरः) નિધન (સામન્‌નું અંતે આવતું પદ/વાક્ય) છે."

આ ઉદાહરણ, ઉપર જણાવેલા ઉદાહરણ (૨) ની સમાન જાય છે. આ રીતે સરખાવો; છા. ઉપ. ૨.૩ અને ૨.૪. (પા. ૭૮-૭૯) આ ઉદાહરણો (૨)-(૩) માં त- સર્વનામનો સંદર્ભ તેની પાસે જ આવેલા શબ્દ સાથે કે એવા અનેક શબ્દોના સમૂહ સાથે સ્પષ્ટ થાય છે.

(૪) છા.ઉપ. ૭.૪ ૧-૨ (પા. ૩૭૦-૩૭૩)

અહીં संकल्पનો મર્મ સમજાવવામાં આવ્યો છે. તે જણાવે છે કે; મન, વાણી, નામ, મંત્ર, કર્મ, એ સર્વનો આધાર संकल्प છે. (છા.-ઉપ.૭-૪-૧). આ રીતે દ્યાવાપૃથિવી (સ્વર્ગ અને પૃથ્વી), વાયુ, આકાશ, તોય, તેજ; એ બધાં संक्लृप्त છે, તેમાંથી વર્ષા, અન્ન, પ્રાણો, મન્ત્રો, કર્મો અને જગત્, એ સર્વ ઉદ્‌ભવે છે. અહીં ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે स एषः संकल्पः =..... (છા. ઉપ. ૭.૪.૨, પા. ૩૭૩) આ सः =સર્વનામનો સંદર્ભ ઉપર જણાવેલાં संकल्प અને संक्लृप्तનાં બધાં વર્ણનોમાં જે દર્શાવ્યું છે તે સમગ્ર ફકરા સાથે રહે છે. જો આ सः =સર્વનામનો અહીં આવો સંદર્ભ ન હોત તો તેવી પરિસ્થિતિમાં અહીં सः સર્વનામને બદલે સામાન્ય રીતે तत् સર્વનામ (નપું. એકવચન) યોજાયું હોત

(૫) છા. ઉપ. ૩.૧.૧-૨ (પા.૧૧૯-૧૨૧)

असौ वा आदित्यो देवमधु.... । (૩.૧.૧) तस्य ये प्राञ्चो रश्मयस्ता एवास्य प्राच्यो मधुनाड्यः । ऋच एव मधुकृतः । ऋग्वेद एव पुष्पम् । ता अमृता आपः.... । (૩.૧.૨)

"દેવોનું મધુ આદિત્ય છે.... તેનાં (=આદિત્યનાં) જે પૂર્વનાં કિરણો છે તેઓ આના (अस्य =મધુના) પૂર્વ તરફી કોષો છે, ઋચાઓ મધમાખીઓ છે, ઋગ્વેદ પુષ્પ છે. તે (ताः =- મધુ) શાશ્વત આપ (પ્રવાહી-તત્ત્વ) છે."

આ પછી આ आपः કેવી રીતે ઉદ્‌ભવે છે અને તે શા માટે મધુ છે તેનું વર્ણન આવે છે.

અહીં असौ वा....पुष्पम् સુધીનું વર્ણન તેની અંતે આવતા ता अमृता आपः ની અપેક્ષા રાખે છે એવું સૂચન કરતું હ્યુમનું ભાષાંતર =The drops of the nectar fluid [arose as follows] (પા.૨૦૩) યથાર્થ નથી. અહીં त- સર્વનામ તેના પુરોવર્તી શબ્દ સાથે- નહીં કે તેના કોઈ ઉત્તરવર્તી શબ્દ સાથે-સંદર્ભમાં રહ્યું છે. સામાન્ય રીતે, त- સર્વનામ વાક્યની શરૂઆતમાં કોઈ શબ્દનું પુનરાવર્તન કરે છે, અથવા તો વાક્યરચનાનો પૂર્વાપર સંદર્ભ દર્શાવે છે. આવી વાક્યરચના અન્વાદેશીય (Anaphoric સરખાવો =નિરુક્ત ૪.૨૫ પા. ૬૯ અને પાણિનિ ૨.૪.૩૨-૩૪ પાનાં ૫૪૬-૫૪૯) હોય છે. આવાં વાક્યોમાં त - સર્વનામ કોઈ નવો જ મુદ્દો સૂચવતું નથી, કે તે કોઈ એવા મુદાની અપેક્ષા પણ રાખતું નથી. અહીં अमृता आपः પ્રવાહીઓ છે અને છા. ઉપ. ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રવાહીઓ ભિન્ન ભિન્ન ઉપમાથી દર્શાવે છે; જેમકે તેઓ યજ્ઞની પ્રવાહી આહૂતિઓ છે, દા.ત. સોમ, ઘી, દૂધ વગેરે (સરખાવો આ ઉપરનું શાંકરભાષ્ય પા. ૧૧૯-૧૨૨), તે મધુમાખીઓએ સર્જેલો રસ છે. (છા. ઉપ. ૩.૧.૩), તે દેવોના સૂર્ય પ્રત્યે વહે છે. (છા.- ઉપ.૩.૧-૪.) તે અમૃતના લીધે દેવો નિર્ભર છે. (છા.ઉપ.૩.૬.૧). તેઓ સાચેસાચ દેવમધુ છે, અને અહીં આમ त- સર્વનામ સ્વાભાવિક રીતે જ આ मधु ના સંદર્ભમાં રહે છે.

(૬) ઉપર §૪. (૨-૩)માં જણાવ્યા પ્રમાણે છા.ઉપ.માં પણ સંબંધક વાક્યરચનામાં ગૌણ-વાક્યના વિશિષ્ટ કર્તાના સંદર્ભમાં त- સર્વનામનો પ્રયોગ મુખ્ય વાક્યમાં થાય છે. આ માટે ઉદાહરણ ૬-૮ આપવામાં આવે છે; જેમ કે:

**છા.ઉપ. ૭.૨૩.૧** (પા. ૩૯૭) :

यो वै भूमा, तत् सुखम् ।

"જે પરિપૂર્ણતા (भूमा) છે, તે (तत् =भूमा) સુખ છે."

(૭) **છા.ઉપ. ૧.૩.૩.** (પા. ૩૦)

यो व्यानः, सा वाक् ।

"જે વ્યાન (વ્યાપ્ત થયેલો વાયુ) છે, તે (सा =व्यानः) વાણી છે."

(૮) **છા. ઉપ. ૩.૧૯.૨** (પા. ૧૭૭)

तद् यद् रजतं, सेयं पृथिवी ।

"તે જે (અર્ધભાગ) રજત છે, તે (सा=रजतम्) આ પૃથ્વી છે."

ઉપરાંત જુઓ, છા.ઉપ.૨.૭.૨ અને ૩.૧૬.૧.

(૯) આ ઉપરાંત કેટલીકવાર ગૌણ સંબંધક વાક્યના સમગ્ર વિષય વસ્તુના સંદર્ભમાં પણ त- સર્વનામ યોજાય છે. આ માટે નીચે ઉદાહરણો ૯-૧૦ દર્શાવવામાં આવે છે.

**છા. ઉપ.૭.૨૪.૧** (પા.૩૯૮-૩૯૯)

यत्र नान्यत् पश्यति, नान्यच्छृणोति, नान्यद् विजानाति, स भूमा ।

"જ્યાં કોઈ અન્ય કાંઈ જોતું નથી, અન્ય કાંઈ સાંભળતું નથી, અન્ય કાંઈ (નિશ્ચિત) જાણતું નથી, તે (सः) પરિપૂર્ણતા છે."

અહીં सः સર્વનામ यत्र नान्यत्....विजानाति સુધીના ગૌણ સંબંધક વાક્યના સમગ્ર વિષયવસ્તુના સંદર્ભ માટે યોજાયું છે, છતાં આ સર્વનામે સ્વીકાર્યાં છે જાતિ(પું.) અને વચન (એકવચન) તો भूमा નાં !

(૧૦) **છા. ઉપ. ૩.૧૭.૧** (પા. ૧૬૮)

स यद् अशिशिषति यत् पिपासति यन्न रमते ता अस्य दीक्षा ।

''તે જ્યારે ભૂખ્યો થાય છે (ખાવા ઇચ્છે છે), જ્યારે તરસ્યો થાય છે (પીવા ઇચ્છે છે), જ્યારે પોતાને સંતોષતો (પોતે આનંદ માણતો) નથી, એ (ताः) એની દીક્ષા(વિધિ) છે.

અહીં ताः સર્વનામ સમગ્ર વાક્યમાં अशिशिषति, पिपासति, न रमते પદોથી દર્શાવેલી દીક્ષાવિધિના સંદર્ભમાં યોજાયું છે.

**(૧૧) છા. ઉપ. ૭.૨૫.૧ (પા. ૪૦૧)**

स एवाधस्तात् स उपरिस्तात् स पश्चात् स पुरस्तात् स दक्षिणतः स उत्तरतः स एवेदं सर्वमिति ।

''તે નીચે, તે ઉપર, તે પશ્ચિમે, તે પૂર્વે, તે દક્ષિણે, તે ઉત્તરે, તે જ આ સર્વ (જગત્) છે.''

હ્યુમ (પા. ૨૬૧) આ વાક્યને ઉપર દર્શાવેલાં છા. ઉપ.નાં ઉદાહરણોમાં અપવાદ તરીકે ગણે છે; અને આ વાક્યના અંતિમ વિધાન ....स एवेदं सर्वमिति માં આવતું सः સર્વનામ भूमाના સંદર્ભમાં યોજાયું છે; અને આની શરૂઆતમાં ચાલી આવતા भूमाના વર્ણનને લીધે, અહીં सः સર્વનામે भूमा ના સંદર્ભમાં भूमा નાં જાતિ (પું.) અને વચન (એકવચન) સ્વીકાર્યાં છે; પરંતુ તે સર્વનામે વિધેય-પ્રથમા વિભક્તિ इदम् પદનાં નપું. એકવચન નથી સ્વીકાર્યાં, એમ જણાવે છે. પરંતુ હ્યુમનું આ વિવરણ યથાર્થ નથી. કારણ કે આ આખું વાક્ય આનુષંગિક છે, અને તેનાં अधस्तात्, उपरिस्तात्, વગેરે ક્રિયાવિશેષણો ઉપરથી અહીં કોઈ ગત્યાત્મક ક્રિયાપદ (દા.ત. ''વિસ્તરે છે'') અધ્યાહાર્ય (ellipsis) છે. આ રીતે ઉપર્યુક્ત વાક્યનો અર્થ એ થાય છે કે :

"તે નીચે-ઉપર-પશ્ચિમે-પૂર્વે-દક્ષિણે-ઉત્તરે (વિસ્તરે છે); તે જ આ સર્વ (જગતમાં વિસ્તરે) છે."

**સરખાવો મુંડક ઉપનિષદ્ ૨-૨-૧૧ (પા. ૩૩)**

ब्रह्मैवेदममृतं, परस्ताद् ब्रह्म, पश्चाद् ब्रह्म, दक्षिणतश्चोत्तरेण- अधश्चोर्ध्वं च प्रसृतं, ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ।

''બ્રહ્મ આ અમૃત છે, બ્રહ્મ પૂર્વમાં, બ્રહ્મ પશ્ચિમમાં, દક્ષિણમાં અને ઉત્તરે, નીચે અને ઉપર, પ્રસરેલું (છે) બ્રહ્મ જ આ બધે (વિશ્વ) અને અત્યંત બહોળા વિસ્તારમાં (પ્રસરે છે.)''

અહીં ક્રિયાવિશેષણો (परस्तात्, पश्चात्, વગેરે) સાથે સ્પષ્ટ રીતે ગત્યાત્મક ક્રિયાપદ प्र+सृ યોજાયું છે.

આ બધાં ઉદાહરણો (૧-૧૧) ઉપરથી સ્પષ્ટ થાય છે કે છા. ઉપ.ની વાક્યરચના વૈદિકવાઙ્મયની ગદ્ય વાક્યરચનાની સમાન જાય છે. (જુઓ : "સર્વનામોની તારવણી" પરિશિષ્ટ ૧).

**§૬ : ધ્રુવપંક્તિમાં तत्सत्यम् અને स आत्मा :**

ઉપર્યુક્ત (§ ૪) વૈદિક ગદ્યમાં આવતી વાક્યરચનાના નિયમો તથા ઉદાહરણો ઉપરથી નિશ્ચિત થાય છે કે પ્રસ્તુત છા. ઉપ. ૬.૮-૧૬ની ધ્રુવપંક્તિમાં સંકળાયેલા तत् सत्यम्માં तत् સર્વનામ પૂર્વવર્તી अणिमा (પું. એકવચન) ના સંદર્ભમાં યોજાયું છે, છતાં અહીં આ સર્વનામે તેના વિધેય-પ્રથમા-વિભક્તિ પદ सत्यम् નાં જાતિ (નપું) અને વચન (એકવચન) સ્વીકાર્યાં છે, પરંતુ अणिमा નાં જાતિ-વચન (પુ. એકવચન) નથી સ્વીકાર્યાં.

આ રીતે, પ્રસ્તુત ધ્રુવપંક્તિમાં સંકળાયેલા स आत्मा માં सः સર્વનામ अणिमाના સંદર્ભમાં છે તે સ્વાભાવિક સ્પષ્ટ થાય છે, કારણ કે, सः સર્વનામના સંદર્ભમાં રહેલો પૂર્વવર્તી अणिमा શબ્દ અને વિધેય પ્રથમાવિભક્તિ તરીકે રહેલો आत्मा શબ્દ, આ બંને શબ્દો પું. એકવચનમાં છે, છતાં એમ કહી શકાય કે सः સર્વનામે અહીં अणिमाના સંદર્ભમાં રહીને વિધેય પ્રથમાવિભક્તિ પદ आत्माનાં જાતિ (પું.) અને વચન (એકવચન) સ્વીકાર્યાં છે.

વળી, આ ધ્રુવપંક્તિમાં अणिमन् પદ સિવાય બીજું એવું કોઈ પદ નથી કે જેનો સંદર્ભ सः સર્વનામ સૂચવતું હોય. ઉપરાંત, આ ધ્રુવપંક્તિથી અન્યત્ર-બીજે સ્થળે -ક્યાંય सः સર્વનામ માટે અન્ય કોઈ સંદર્ભ શોધવો પડે એવો કોઈ અગત્યનો પ્રશ્ન પણ ઉપસ્થિત થતો નથી.

**§૭ : ધ્રુવપંક્તિમાં तत् त्वमसि :**

છા. ઉપ. ૬.૮-૧૬ માં આવતી પ્રસ્તુત ધ્રુવપંક્તિ, અને ખાસ તો તેમાં વણાયેલું આ तत्त्वमसि વાક્ય અને તે ઉપરનાં વિવિધ ભાષ્યો કે અંગ્રેજી, હિંદી, ગુજરાતી , વગેરે ભાષાઓમાં થયેલાં તેનાં ભાષાંતરો સર્વત્ર એટલાં તો જાણીતાં થઈ ગયાં છે કે તેની વાક્યરચના કે વ્યાકરણની દૃષ્ટિએ ઉપસ્થિત થતી તેનાં વિવરણની આંટીઘૂંટી તરફ કોઈનું પણ ધ્યાન ખેંચાયું નથી. ઊલટું, આ ધ્રુવપંક્તિની પ્રચલિતતા અને તે પરનાં આવાં ભાષ્યો-ભાષાંતરોના પ્રવાહમાં તણાઈ જતા આજના ઘણા વિદ્વાનો પણ આ ધ્રુવપંક્તિ જેમ છે તેમ અને તે પરનાં ભાષ્યો-ભાષાંતરો જે કાંઈ જણાવે છે તે સ્વીકારી લે છે. આજે પણ આપણા ઘણા વિદ્વાનોને આ ધ્રુવપંક્તિના વિવરણમાં ઉપસ્થિત થતા વિકટ આંટીઘૂંટીવાળા પ્રશ્નો જ જ્યાં ઉદભવ્યા ન હોય - તેવા પ્રશ્નોની કલ્પના પણ ન ઉદ્ભવી હોય - ત્યાં તેમની પાસેથી તેવા પ્રશ્નોના યોગ્ય ઉકેલની આશા તો ક્યાંથી રખાય ?

(૧) શંકરે આ ધ્રુવપંક્તિના ભાષ્યની શબ્દરચનાના પ્રવાહમાં અન્ય સર્વનામોની સાથે સાથે યુક્તિપૂર્વક तत्त्वमसि વિધાનમાં આવતા तत् (નપું. એકવચન) સર્વનામને પણ सत् (નપું. એકવચન)ના સંદર્ભમાં વણી લીધું (જુઓ ઉપર §૨).

એક રીતે આવું અર્થઘટન સંભવી શકે. છા-ઉપ.૬.૮-૧૦ ની આ ધ્રુવપંક્તિમાં પુરુષ/પ્રજાનાં વિવિધ પાસાંનું, તેમના કારણભૂત સત્‌માં પર્યવસન થતું હોય એવું વર્ણન આવે છે. અહીં વિશેષ તો ૬.૯.૩ (પા. ૩૪૦-૩૪૧) અને ૧૦.૨ (પા. ૩૪૨-૩૪૩) માં પ્રસ્તુત ધ્રુવપંક્તિની રજૂઆત થયા પહેલાં જ યોજવામાં આવતું तत् સર્વનામ सत् ના સંદર્ભમાં હોઈ શકે. અહીં એમ જણાવવામાં આવે છે કે,

**છા. ઉપ. ૬.૯.૩ =૬.૧૦.૨** (પા. ૩૪૦-૩૪૩)

त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दंशो वा मशको वा यद् यद् भवन्ति तदाभवन्ति।

. "તે [પશુઓ] અહીં : વાઘ કે સિંહ કે વરૂ કે વરાહ કે કીડો કે (ચારપાંખવાળું) પતંગિયું કે દંશ (બે પાંખવાળું, ડંખવાળું જંતુ) કે મચ્છર કે જે જે (તેઓ) થાય છે, (તેઓ) તેમાં (तत् =सत्) લય પામે છે/ તે (तत् =सत्) તરફ પ્રયાણ કરે છે."

અહીં સર્વ ઠેકાણે સત્‌નું વર્ણન છે (જુઓ છા.ઉપ.૬ सता...सम्पन्नः છા.ઉપ. ૮.૧ सन्मूलाः... प्रजाः ૮.૪.૬; सति संपद्य ૯.૨, सत आगम्य/आगच्छामहे ૧૦.૩ વેગેરે) અને તેના જ સંદર્ભમાં ઉપર (૬.૯.૩. =૬.૧૦.૨માં) तदाभवन्तिમાં तत् સર્વનામ सत्‌નું સૂચન કરે છે.

(૨) આના અનુસંધાનમાં ઈકલેરે (પા. ૧૭....) આ વાક્યની રચના વિષે વિવેચન કર્યું છે. હિલેબ્રાંટે (પા.૧૭૩, નોંધ ૯૩) આ પ્રસ્તુત વાક્યમાં तत्‌ને બદલે सत् પાઠની સંભાવના પણ સ્વીકારી છે. પરંતુ જે ધ્રુવપંક્તિની અંતર્ગત વાક્યરચનાની અને તેના અનુસંધાનમાં વ્યાકરણની ચર્ચા અહીં પ્રસ્તુત છે, તે ધ્રુવપંક્તિ તો છા.ઉપ.માં ઉપર નિર્દેશેલાં વિધાનો (છા.ઉપ.૬.૮-૧૦) પછી જ આવે છે. આ રીતે ધ્રુવપંક્તિના ક્ષેત્રની બહાર રહેલાં ઉપર્યુક્ત વિધાનોમાં આવતા तत् સર્વનામના સંદર્ભમાં सत्‌નું ગ્રહણ યોગ્ય કે તર્કસંગત ગણી શકાય. અહીં ધ્રુવપંક્તિના આંતરિક વિશ્લેષણ સાથે આ આખો મુદ્દો વણાયેલો છે; તેથી આ મુદ્દો આગળ (§૧૨) સ્પષ્ટ કરવામાં આવશે.

(૩) હ્યુમે (પા. ૨૪૬) તેના અંગ્રેજી ભાષાંતરમાં અહીં બધાં; एत- અને त - સર્વનામો अणिमन्‌ના સંદર્ભમાં લીધાં છે. પરંતુ, આ ધ્રુવપંક્તિના છેલ્લા - तत्वमसि - વિધાનમાં त-સર્વનામ નપું. છે, જ્યારે अणिमा અને त्वम् બંને નપું.માં નથી. જો આ છેલ્લું વિધાન (तत्वमसि) એવો ભાવ સૂચવતું હોય કે " તે (સૂક્ષ્મતમ તત્વ/અણિમા) તું છે" તો तत्त्वमसि વિધાનને બદલે અહીં "स त्वमसि" વિધાન હોત—એટલે કે, અહીં त- સર્વનામે त्वम् વિધેય ~~પ્રથમ~~વિભક્તિ પ્રથમા (પુ.એકવચન)નાં જાતિ-વચન સ્વીકાર્યાં હોત અને त- સર્વનામ નપું.માં ન હોત !

(૪) મિનાર્ડના મતે तत्त्वमसि માં तत् સર્વનામ ગુહ્યતમ ब्रह्म ના ગુહ્યતમ નામનું સૂચન કરે છે; એટલે કે,

'ब्रह्म' એવા સ્પષ્ટ પદ/શબ્દને બદલે ब्रह्म માટે અહીં ફક્ત तत् સર્વનામ યોજ્યું છે. તેમાં ब्रह्म નો સંદર્ભ રહે છે. પોતાના આવા વિધાનના સમર્થનમાં મિનાર્ડે બૃ.ઉપ.નો આધાર લીધો છે, જેમ કે,

**બૃ.ઉપ.૩.૯.૯.** (પા. ૫૩૬)

स ब्रह्म त्यद् इत्याचक्षते ।

"તે બ્રહ્મ "ત્યત્" એમ લોકો કહે છે."

અહીં આવેલા त्यत् "સર્વનામે" ब्रह्म નાં જાતિ (નપું.) અને વચન (એકવચન) સ્વીકાર્યાં છે. ઉપરાંત, છા.ઉપ.ના પ્રસ્તુત ખંડોમાં ब्रह्म નું વર્ણન આવતું નથી, અહીં તો મુખ્ય વિષય सत् છે. અને તે सत् નું વર્ણન તો તેના " सत्" એવા નામ સાથે જ કરવામાં આવ્યું છે. ! सत् अदृश्य/अदृष्ट છે, પણ તે જ્ઞાનગમ્ય છે, અને તેનું કોઈ રહસ્યમય/ગુહ્યતમ નામ આપવા જેવા પ્રસંગો આ છા.ઉપ.ના આગળના ખંડોમાં પણ જોવા મળતા નથી. ટૂંકમાં, મિનાર્ડની ઉપર્યુક્ત કલ્પના આધાર વગરની છે (જુઓ મિનાર્ડ, ૧૯૫૬ §૪૫૩, પા. ૧૮૨). વળી વૈદિક વાઙ્મયમાં त- સર્વનામ આ त्यत्ની જેમ ब्रह्म માટે યોજાયું હોય એવો ઉપર્યુક્ત ઉલ્લેખ સિવાય બીજે ક્યાંય ઉલ્લેખ મળતો નથી.

(૫) અન્ય પ્રકારે સ્પષ્ટતા કરીઓ તોઃ જો तत्त्वमसिમાં तत् સર્વનામનો સંદર્ભ अणिमा (પું.) સાથે હોત તો तत् સર્વનામે પોતાનાં જાતિ-વચન તેના વિધેય-પ્રથમાંવિભક્તિ त्वम् - પદનાં જાતિ (પુ.) અને વચન (એકવચન) સ્વીકાર્યાં હોત; એટલે કે અહીં " स त्वमसि" જેવું કોઈ નિધાન હોત. તો પછી અહીં तत्त्वमसि માં तत्-સર્વનામ નપું.માં કેમ ?

तत्त्वमसि વિધાનમાં આમ વૈદિક વાક્યરચનાના જાતિવચન-સ્વીકારના નિયમનું ઉલ્લંઘન થયું છે, એ પ્રત્યે સ્પાયરનું (૧૮૮૬ પા. ૧૮, નોંધ ૧) ધ્યાન પણ દોરાયું છે. તેણે આ પ્રશ્નનો ઉકેલ શોધવા तत्त्वमसिનું યથાર્થ વિવરણ કરવા - તત્ત્વજ્ઞાનનો આશરો લીધો છે; અને કલ્પના કરી છે કે "તે (तत् =आत्मा) પણ તારામાં (त्वम्) છે." ! પરંતુ સ્પાયરનું આ વિવરણ યોગ્ય નથી. વૈદિક કાળનાં વાક્ય-રચના અને વિધાનો માટે તત્ત્વજ્ઞાનનો આશરો ન લઈ શકાય, ઉપરાંત તત્વજ્ઞાન માટે પણ વ્યાકરણના, વાક્યરચનાના અને શબ્દ-યોજનાની ક્રમબદ્ધતાના — શબ્દવિન્યાસના — સામાન્ય નિયમોને અનુસરવું જ પડે. જો કે સ્પાયરે પાછળથી એનું પોતાનું ઉપર્યુક્ત પ્રકારનું કાલ્પનિક વિવરણ ત્યજી દીધું (સ્પાયર ૧૮૯૬, §૯૫૬. પા. ૩૦); અને નોંધ્યું કે, तत्त्वमसि માં तत् સર્વનામ રહેવા છતાં તત્ત્વ-વિચારણા ક્લિષ્ટ નથી બની.

(૬) तत्त्वमसि માં तत् (નપું.) સર્વનામની અગાઉ ધારો કે કોઈ શબ્દ નપું. (એકવચન)માં હોત તો પણ અહીં तत् સર્વનામનું વિવરણ ક્લિષ્ટ જ રહે છે. કારણ કે, तत् સર્વનામ તેના પુરોવર્તી કોઈ નપું (એકવચન)-શબ્દના સંદર્ભમાં હોવા છતાં જાતિ-વચન-સ્વીકારના (વાક્યરચનાના) નિયમ પ્રમાણે તો અહીં स त्वमसि જેવા વિધાનની જ અપેક્ષા રખાય. અહીં त- સર્વનામે તેના વિધેય-પ્રથમાવિભક્તિ त्वम् પદની જ જાતિ (પુ.) અને વચન (એકવચન) સ્વીકાર્યાં હોત ! આમ, तत्त्वमसि ના વિવરણ માટે છા. ઉપ. ૬.૮-૧૦ માં તો કોઈ સંકેત મળતા નથી.

### §૮ : છા.ઉપ. ૬.૧૨ અને ધ્રુવપંક્તિ

હાનેફેલ્ડ (પા. ૧૧૬....) અહીં જણાવે છે કે કાળક્રમે કોઈ એક કે એકથી વધારે "ગ્રંથ સંકલન કર્તાએ (? Redactors) છા. ઉપ.ના આ છઠ્ઠા અધ્યાયમાં અનેક સ્વતંત્ર ખંડો ઉમેર્યા/પ્રક્ષિપ્ત કર્યા છે. આ અધ્યાયનો ઉત્તરાર્ધ અને પૂર્વાર્ધ, બંને ભાગો રચનાની દૃષ્ટિએ અને तत्त्वमसि વિધાનની ઉપયુક્તતાની -સંગતિની-દૃષ્ટિએ એકબીજાથી જુદા તરી આવે છે. આ ઉત્તરાર્ધ (છા-ઉપ.૬.૮-૧૬) પાંચ ભિન્ન ભિન્ન પ્રકારના ખંડોમાં વિભક્ત થયો છે; પરંતુ તેમાં ખંડ ૧૧-૧૩ જ जीवन/जीव સિદ્ધાંતની વિચારધારા રજૂ કરતાં, तत्त्वमसि વિધાન સાથે યોગ્ય રીતે સંકળાયેલા રહ્યા છે. (સરખાવો હાનેફેલ્ડ પા. ૧૬૨.૧૬૩)

અહીં છા.ઉપ.ના પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર રીતે ચર્ચાયેલાં વિષયવસ્તુની એકબદ્ધતાનો નિર્ણય લેવામાં હોનેફેલ્ડે

પૂરતો ન્યાય આપ્યો નથી. એ સાચું કે, ખંડ ૧૧-૧૩ નાં વિષયવસ્તુ સાથે तत्त्वमसि વિધાનનો સ્વાભાવિક સંબંધ રહે છે. તેમાં પણ તે વિધાન છા.ઉપ.૬.૧૨ સમગ્રનો કોઈ આવશ્યક ભાગ હોય એ રીતે તે સ્વાભાવિક સંબંધથી જોડાયેલું રહ્યું છે.

છા. ઉપ. ૬.૧૨ માં ઉદ્દાલક આરુણિએ તેના પુત્ર શ્વેતકેતુને વડના (ન્યગ્રોધ- Ficus Indica) ફળના દૃષ્ટાંત દ્વારા આત્મતત્ત્વનું વિવરણ કર્યું છે. ઉદ્દાલકે શ્વેતકેતુને વડનું ફળ લાવી તેને તોડી તેમાં જોવા જણાવતાં શ્વેતકેતુએ તેમાં ઝીણા બીજના દાણા (ધાન) જોયા. તે દાણાને પણ છેદી, તેની અંદર જોતાં શ્વેતકેતુને કશું ન દેખાયું; આ ઉપરથી ઉદ્દાલકે "અદૃષ્ટ / સૂક્ષ્મતમ"ની સ્પષ્ટતા કરી કે,

છા. ઉપ. ૬.૧૨.૨ (પા. ૩૪૬)

यं वै सोम्य, एतमणिमानं न निमालयस एतस्य वै सोम्य, एषोऽणिम्न एवं महान्यग्रोधस्तिष्ठति । श्रद्धत्स्व सोम्य इति ।

"હે પ્રિય, જે આ સૂક્ષ્મતમ/અણિમાને તું નથી જોતો (જોઈ શકતો), આ જ સૂક્ષ્મતમ તત્ત્વમાંથી, હે પ્રિય, આ આવું મોટું વડવૃક્ષ ઊભું થાય છે. હે પ્રિય, (હું કહું છું તેમાં) વિશ્વાસ કર."

(નોંધ :- एवं महान् પાઠાંતર માટે સરખાવો ઇક્લેર પા. ૭૩. તે માટેની અન્ય સંભાવનાઓ માટે જુઓ, હામ પા. ૧૫૭, નોંધ ૬૫,૬૬.)

આ પછી, તરત જ तत्त्वमसि વિધાન અને આ अणिमन् તત્ત્વ ઉપરની ચર્ચા શરૂ થઈ છે. જેમ વડવૃક્ષનું અસ્તિત્વ अणिमन्ને - અદૃશ્ય તત્ત્વને - આભારી છે, તે રીતે જ આ અદૃશ્ય તત્ત્વ આ જગતનું અને શ્વેતકેતુનું પણ સત્યસ્વરૂપ છે, તેમનો आत्मा છે. અહીં પ્રસ્તુત ધ્રુવપંક્તિની મૌલિક્તા સ્પષ્ટ થાય છે.

**§૯ : ધ્રુવપંક્તિનો અન્ય ખંડોમાં પ્રક્ષેપ :**

છા.ઉપ.૬.૧૨.માં ઉદ્ભવેલું અને ઓતપ્રોત થયેલું મૂળ तत्त्वमसि વિધાન ૬.૧૨માંથી પહેલાં છા. ઉપ. ના છઠ્ઠા અધ્યાયના ખંડ ૧૧ માં અને પછી ખંડ ૧૩ માં પ્રક્ષિપ્ત થયું. આમ છતાં પણ આ વિધાન ફક્ત ખંડ ૧૬ના એક સ્વાભાવિક ભાગ તરીકે જણાય છે. પરંતુ, હકીક્તે, પ્રસ્તુત વિધાન છા.ઉપ. ૬.૧૨ માં અસ્તિત્વમાં આવ્યું ત્યાર પછી જ ખંડ ૧૬ની રચના થઈ હતી.

ખંડ ૧૬માં તપાવેલી કુહાડીના (પરશુના) દૃષ્ટાંત દ્વારા सत्य અને आत्मा નો સંબંધ સૂચવ્યો છે. જો કોઈએ સાચેસાચ ચોરી કરી હોય છતાં 'તેણે ચોરી નથી કરી' એવું તે અસત્ય જાહેર કરે તો તપાવેલી કુહાડી પકડતાં તે દાઝે; પરંતુ જો કોઈએ સાચેસાચ ચોરી ન કરી હોય અને પોતે ચોરી નથી કરી એવું સત્ય જાહેર કરે તો આમ તે નિર્દોષ હોવાથી તે તપાવેલી કુહાડી પકડે તો પણ દાઝતો નથી. તેનું સત્યવચન તે દાઝે નહીં તે માટે તેને આવરી લે છે અને તેનું રક્ષણ કરે છે. આ ખંડમાં सत्य અને आत्मा એક હોઈ શકે એવા ગૂઢ આશય સાથે तत्त्वमसि વિધાન બંધ બેસે એવું લાગતાં તે વિધાનને પ્રસ્તુત ધ્રુવપંક્તિ ખંડ ૧૬ માં અંતે જોડી દીધું છે.; જેમ કેઃ

છા. ઉપ.૬-૧૬.૩ (પા.૩૫૭-૩૫૮)

स यथा तत्र नादाह्येतैतदात्म्यमिदं सर्वं तत् सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो....।

"જેમ ત્યાં (એ દૃષ્ટાંતમાં) તે ન દઝાવે-દાઝવાને કોઈ સ્થાન ન આપે કે દાઝવા ન દે - (તેમ) આ સર્વ (જગત) એ સ્વરૂપનું છે, તે सत्य છે, તે आत्मा છે, હે શ્વેતકેતુ, તે તું છે...."

આ કુહાડીના દૃષ્ટાંતમાં સત્યે આત્માને આવરી લઈ તેની સંરક્ષા કરી તેવી સમગ્ર પરિસ્થિતિના સંદર્ભમાં અહીં एतद् સર્વનામ બંધ બેસે છે. આ કારણે, સામાન્ય दह् ક્રિયાપદને બદલે અહીં आ-दाहय- એટલે કે, आदाहन (=બાળવાનું સ્થાન) ઉપરથી નામધાતુનું રૂપાંતર થયું છે. (સરખાવો. જેમિસન. પા. ૮૯.,.).

છા.ઉપ.ના આ છઠ્ઠા અધ્યાયના મૂળભૂત વિષયવસ્તુનું યાથાતથ્ય -સ્પષ્ટ- વિવરણ આ ધ્રુવપંક્તિ દ્વારા શક્ય

બન્યું. વારંવાર ઉદ્દાલક આ ધ્રુવપંક્તિના પુનરાવર્તનથી તેનો વિચાર સ્પષ્ટ વ્યક્ત કરી શક્યો. આ અદષ્ટ-તત્ત્વમાં સર્વ લય પામે છે, તેમાંથી જ સર્વ ઉદ્‌ભવે છે, તે જ સર્વનું અધ્યાત્મ છે, વગેરે જેવા વિચારોના ભારપૂર્વક સુંદર સંક્ષેપ રજૂ કરતી આ ધ્રુવપંક્તિ સર્વ ગ્રંથસંકલન-કર્તાનું (? Redactors) આકર્ષણ બની. આ ધ્રુવપંક્તિને તેના મૂળ ખંડ (છા.ઉપ. ૬.૧૨) માંથી લઈને બીજા ખંડોમાં પણ તેના વારંવાર પુનરાવર્તનથી આ અધ્યાયનાં વિષયવસ્તુ શ્રોતાના હૃદયમાં દઢ-સ્થિર-જડાઈ જાય છે. આવી પુનરાવૃત્તિ ફક્ત આ છા.ઉપ.ની જ શૈલી કે લક્ષણ નથી. **બૃહદારણ્યક ઉપનિષદ**માં (બૃ. ઉપ.) પણ નેતિ નેતિ વાળું વિધાન ચાર વાર રજૂ થયું છે. (જુઓ બૃ.ઉપ. ૩.૯.૨૬, ૪.૨.૪;૪.૪.૨૨; અને ૪.૫.૧૫). ઉપરાંત તે બૃ. ઉપ. ૨.૩.૬ માં પણ ફરીથી દૃષ્ટિગોચર થાય છે.

**§૧૦ : બૃ. ઉપ.માં નેતિ નેતિની પુનરાવૃત્તિ :**

બૃ.ઉપ.માં નેતિ નેતિ વિધાનની મૂળ રચના થયા પછી તે વિધાન એ ઉપનિષદમાં ઠેરઠેર પ્રક્ષિપ્ત થતું ગયું. આ નેતિ નેતિ બૃ ઉપ. ના કાણ્વ-શાખાના ૪.૫.૧૫ માં જ રજૂ થયું છે; પણ કાણ્વ-શાખાની સમાતંર જતા માધ્યંદિન-શાખાના બૃ.ઉપ. ૪.૫.૨૪.-૨૫ (=કાણ્વશાખા ૪.૫.૧૫)માં નેતિ નેતિ નથી મળતું ! ઉપરાંત, બૃ. ઉપ. ૨.૪ એ બૃ.ઉપ.૪.૫.નું "પુનરાવર્તન" હોવા છતાં આ નેતિ નેતિ વિધાન બૃ.ઉપ.ની કોઈપણ (કાણ્વ કે માધ્યંદિન) શાખાના ૨.૪. માં પણ નથી મળતું. આ બધું લક્ષ્યમાં લેતાં એમ સ્પષ્ટ થાય છે કે બૃ.ઉપ.ની કુલ ચાર "અનુકૃતિઓ" ? (versions) માંથી ફક્ત એકમાં જ નેતિ નેતિ વિધાન મળી આવે છે; જેમ કે

(૧) બૃ. ઉપ. ૪.૫.૧૫ (કાણ્વશાખા) નેતિ નેતિ સાથે,

= (૨) બૃ.ઉપ.૪.૫.૨૪-૨૫ (માધ્યંદિનશાખા) નેતિ નેતિ વગર,

= (૩) બૃ. ઉપ.૨.૪(કાણ્વશાખા) નેતિ નેતિ વગર,

= (૪) બૃ.ઉપ..૨.૪. (માધ્યંદિનશાખા) નેતિ નેતિ વગર.

આ પરિસ્થિતિમાં આ નેતિ નેતિ વિધાન બૃ. ઉપ. ૪.૫.૧૫ (કાણ્વશાખા) માં **પ્રક્ષિપ્ત થયું હોય એવી શંકા** સ્વાભાવિક થાય છે. આ શંકા બૃં. ઉપ.નું વિશ્લેષણ કરતાં યથાર્થ લાગે છે, તેનું **વિવેચન નીચે સંક્ષેપમાં** કરવામાં આવે છે.

**(૧) બૃ.ઉપ. (કાણ્વશાખા) ૪-૫-૧૫,** સર્વ જ્ઞાનનું કારણ અને આધારભૂત આત્મતત્ત્વ અવિજ્ઞેય છે., એવા વિષયવસ્તુનું વિવરણ કરે છે. કાળક્રમે આ સંદર્ભમાં કોઈ અન્ય "આવૃત્તિ-કારે" અવિજ્ઞેય આત્મતત્ત્વને અનુરૂપ નેતિ નેતિ વિધાન પણ ક્યાંકથી અહીં જોડી દીધું. કારણ કે આ નેતિ નેતિ વિધાનમાં પણ આત્મતત્ત્વના અવર્ણનીય સ્વરૂપ પર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ આ નેતિ નેતિ વિધાન બૃ.ઉપ.૪.૫.૧૫ માં સળંગ ચાલ્યા આવતા વિષયવસ્તુના સરળ પ્રવાહને રોકી દે છે.

**બૃ.ઉપ. (કાણ્વશાખા) ૪-૫-૧૫** ના વિષયવસ્તુમાં પ્રથમ યાજ્ઞવલ્ક્યે પૂછ્યું કે જેને સર્વ આત્મસ્વરૂપ થયું હોય તે કાંઈક ઈતર કેવી રીતે જોવે-સૂંઘે-રસ માણે - સંબોધે - વિચારે - સ્પર્શે અને તે કોનાથી શું જાણે ?

અને આવા પ્રકારના વિષયની પરંપરા નીચે મુજબ પર્યવસન પામી.

**બૃ.ઉપ. [કાણ્વશાખા]૪.૫.૧૫.** (પા. ૭૮૨)

(i) येनेदं सर्वं विजानाति तं केन विजानीयात् ।

"(કોઈ વ્યક્તિ) જેના લીધે આ સર્વ (જગત્) "જાણે" છે, તેને (તે વ્યક્તિ) કેવી રીતે જાણે ?"

આ વિધાન પછી (કાણ્વશાખામાં) અહીં તરત જ નેતિ નેતિ વિધાન રજૂ થયું કે

(ii) स एष नेति नेत्यात्मा । अगृह्यो न हि गृह्यते, अशीर्यो न हि शीर्यते, असंगो न हि सज्यते, असितो न व्यथते न रिष्यते ।

"તે આત્મા આ : 'એ નહીં; એ નહીં" છે. તે અગૃહ્ય (કારણ કે) ગ્રહણ કરાતો નથી; તે શીર્ણ થઈ શકે એવો

નથી (કારણકે) શીર્ણ કરાતો નથી.; તે અસંગ છે (કારણ કે) સક્ત થતો નથી,. તે અવિનાશી છે, તે વ્યથા પામતો તેથી (કે) ઘવાતો નથી"

આ વિધાન પછી ઉપસંહારમાં એવો જ પ્રશ્ન (જુઓ ઉપર (i) ) ફરીથી આવીને ઊભો કે

(iii) विज्ञातारम् अरे, केन विजानीयात् ?

"અરે, (કોઈ વ્યક્તિ) વિજ્ઞાતાને કોનાથી જાણે (જાણી શકે ) ?"

[અહીં બૃ.ઉપ. (કાણ્વશાખા) ૪.૫.૧૫ ના સળંગ વિધાનને વિશદતા ખાતર (i) (ii) (iii) એવા ત્રણ ભાગમાં જણાવ્યું છે.]

ઉપર જણાવેલા ઉલ્લેખમાં સ્વાભાવિક ક્રમ એ રીતે સંભવે કે સૌ પ્રથમ પ્રશ્ન (i), પછી તરત જ તેવા પ્રશ્નની પરાકાષ્ઠા રજૂ કરતો પ્રશ્ન (iii) આવે; પણ આ બંને પ્રશ્નો વચ્ચે પ્રક્ષિપ્ત થયેલું नेति नेति વિધાન (ii) સમગ્ર વિષયવસ્તુને અનુરૂપ છતાં પ્રશ્ન (i) અને પ્રશ્ન (iii)ની સ્વાભાવિક સળંગસૂત્રતામાં અવરોધ કરે છે. તેમ છતાં, બૃ. ઉપ. ૪.૫.૧૫ (કાણ્વશાખા)માં नेति नेति વિધાનનું પુનરાવર્તન બૃ. ઉપ.ના મૂળભૂત, મધ્યવર્તી વિષય-નિરૂપણ-સમગ્રને આવરી લે છે.

આમ, બૃ. ઉપ.માં नेति नेति ની જેમ, પણ કાંઈક વધુ પદ્ધતિસર, છા.ઉપ. ના છઠ્ઠા અધ્યાયમાં પ્રસ્તુત ધ્રુવપંક્તિ પણ આગળ પડતો ભાગ ભજવે છે તે નીચે જણાવવામાં આવે છે.

**§૧૧ : ધ્રુવપંક્તિની વિશેષતા :**

ઉપર (§૮) દર્શાવેલા કારણ ઉપરાંત, છા.ઉપ.ના છઠ્ઠા અધ્યાયના ખંડોમાં પ્રસ્તુત ધ્રુવપંક્તિ પ્રક્ષિપ્ત થવાનું બીજું પણ કારણ છે. સામાન્ય રીતે, પ્રાચીન ઉપનિષદ્-ગ્રંથોમાં ક્યાંક ક્યાંક વિષયવસ્તુનો ઉપસંહાર દર્શાવવા વર્ણનમાં અંતે આવતા કોઈ શબ્દોની પુનરાવૃત્તિનો નિયમ હોય છે. છા.ઉપ.ના છઠ્ઠા અધ્યાયના ખંડ ૮-૧૧; ૧૩-૧૬નાં વર્ણનોના અંતે ધ્રુવપંક્તિ પ્રક્ષિપ્ત થતાં-જોડાતાં - તે તે ખંડોનો ઉપસંહાર પણ સરસ રીતે વ્યક્ત થઈ શક્યો . (છા.ઉપ.૬.૧૨માં તો ધ્રુવપંક્તિની મૌલિક રચના થઈ ગઈ હતી.)

જેમ બૃ. ઉપ. (કાણ્વશાખા) ૪.૫.૧૫ માં नेति नेति વિધાનના પ્રક્ષેપથી તેની મૂળ સળંગસૂત્રતાનો અવરોધ થયો, તે રીતે છા.ઉપ. ૬-૧૪ અને ૬.૧૫માં આ ધ્રુવપંક્તિ જોડાવાથી આ બંને ખંડોનાં મૂળ વર્ણનમાં જળવાઈ રહેલી સળંગસૂત્રતા ટકી શકી નથી. (સરખાવો રણૂ ૧૯૫૫ પાનાં ૯૧...)

(૧) અહીં, ખંડ ૧૪ માં આંખે પાટા બંધાયેલા પુરુષનું દૃષ્ટાંત (allegory) આવે છે. તેમાં, તે પુરુષને ચોરે આંખે પાટા બાંધી ગંધારદેશમાંથી જનશૂન્ય દેશમાં એકલો મૂકી દેતાં, તે ફરી ફરીને, પૂછતાં પૂછતાં પાછો પોતાના ગંધારદેશમાં આવી પહોંચ્યો. ખંડ ૧૫ માં મૃત્યુશરણ કોઈ માંદી વ્યક્તિનું વર્ણન આવે છે. અહીં, મૃત્યુશરણ વ્યક્તિની માનસિક શક્તિઓ તેમના કારણમાં લીન ન થાય ત્યાં સુધી તેઓ કાંઈક ક્રિયાશીલ રહી શકે છે એવું વર્ણન આવે છે. મૂળ આધાર/કારણ તરફ પ્રયાણ અને તે જ કારણમાં અંતે લય, એવી આ બંને ખંડોનાં મૂળ વિષયવસ્તુની સમાનતા છે. ઉપરાતં, બંનેના વિષયવસ્તુનિરૂપણની પરિભાષામાં પણ સમાનતા છે. જેમ કે,

**(i) છા. ઉપ. ૬.૧૪.૪.** (પા.૩૫૩-૩૫૪)

**तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ सम्पत्स्य** इति ।

"જ્યાં સુધી- "હું મોક્ષ (બંધનમાંથી છુટકારો) નથી પામતો" (એવી પરિસ્થિતિ રહે) તેટલી જ તેને (મુક્ત થવામાં) વાર થાય છે. પછી તો "હું (સ્વદેશ/સ્વજનને) મળીશ (તે સ્વજનોને મળે છે)"

(અહીં વાક્યની ક્લિષ્ટ રચના અનુવાદ કરવામાં મુશ્કેલી સર્જે છે ! પરંતુ, તેનો ભાવાર્થ સ્પષ્ટ છે. જ્યાં સુધી આંખે પાટા બાંધેલા છે ત્યાં સુધી પુરુષને ગંધારદેશ તરફ પ્રયાણમાં (સ્વજનોને મળવામાં) વિલંબ છે; પણ આંખે બંધન છૂટતાં જ તે સ્વદેશ અને સ્વજનોને પામે છે. આ રીતે આચાર્ય દ્વારા પુરુષ પણ મોક્ષ પામતાંની સાથે જ મૂળ કારણમાં

લય પામે છે.)

**(ii) છા. ઉપ. ૬.૧૫.૧** (પા. ૩૫૪)

तस्य यावन्न वाङ् मनसि सम्पद्यते, मनः प्राणे प्राणस्तेजसि, तेजः परस्यां देवताथां, तावंज्जानाति ।

"જ્યાં સુધી તેની વાણી મનમાં, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં અને તેજ પરમ દેવતામાં પ્રાપ્ત ન થાય, ત્યાં લગી (તે તેનાં સ્વજનોને) જાણે/ઓળખે છે."

એટલે કે, વાણી વ. તેમનાં કારણોમાં લય પામતાંની સાથે જ તે માંદો માણસ દેહમુક્ત થાય છે. - "મુક્તિ" પામે છે.

ઉપર, (i) અને (ii) માં સામ્ય સ્પષ્ટ છે; જેમકે, "यावन्न तावत्...." વાક્ય રચના અને सम् + √ पत् ક્રિયાપદ, ઉપરાંત બંનેમાં આવતા સમાન વિચારો. ખંડ ૧૫ માં આવતું ઉદાહરણ ખંડ ૧૪માં આવતા દૃષ્ટાંત/રૂપકને સમજાવે છે અને મૂળ મુદ્દાને જીવંત રાખે છે. પરંતુ ખંડ ૧૪ અને ખંડ ૧૫ વચ્ચે આવતી (ખંડ ૧૪ ના અંતે =છા.ઉપ.૬.૧૪.૩) પ્રસ્તુત ધ્રુવપંક્તિ/तत्त्वमसि વિધાન જુદું પડી જાય છે. ધ્રુવપંક્તિમાં સૂક્ષ્મતમ તત્ત્વ અને તેની વ્યાપકતાનો મૂળ મુદ્દો છે; જ્યારે આ બંને ખંડોમાં સર્વ ઇંદ્રિયોનું આત્મામાં લય પામવું એવો મૂળ મુદ્દો છે; આમ ધ્રુવપંક્તિના અને આ બંને ખંડોના મૂળભૂત મુદ્દા જુદા જુદા તરી આવે છે. અહીં, બંને ખંડોમાં ધ્રુવપંક્તિનો સુમેળ થયો નથી. !

**§૧૨ : तत्त्वमसिમાં तत् સર્વનામનું વિવેચન :**

ઉપર §૮ માં જણાવ્યા મુજબ तत्त्वमसि વિધાન છા.ઉપ. ૧૨ માંથી જ ઉદ્ભવ્યું છે, તેથી છા.ઉપ. ૬.૧૨ ને અનુલક્ષીને જ તેનું યથાર્થ વિવરણ કરવું જોઈએ. અહીં अणिमन्નું વર્ણન આવે છે, પણ सत् નું નહીં. સાધારણ રીતે अणिमन्ના વર્ણનને सत् ના અર્થમાં ઘટાવી શકાય, પરંતુ આ આખા ખંડમાં सत् સાથે સાંકળી લેવાય એવો કોઈ નિર્દેશ મળતો નથી. આમ, સંબંધ અને વાક્યરચનાની દૃષ્ટિએ પણ तत्त्वमसिમાં આવતા तत् સર્વનામનું सत् ના સંદર્ભમાં વિવરણ કરવું તે યથાર્થ લાગતું નથી. જો કે આ બાબતે વિસ્તૃત વિવેચન ઉપર §૭ માં કરવામાં આવ્યું છે.

(૧) तत्त्वमसिનું तत् સર્વનામ પુરોવર્તી अणिमन् કે દૂરવર્તી सत् ના સંદર્ભમાં નથી યોજાયું; આથી આ तत् સર્વનામ માટે એના અનુસંધાનમાં નપું.માં યોજાતાં દર્શક (deictic) સર્વનામના વિશિષ્ટ પ્રયોગોનું પરીક્ષણ કરવું રહ્યું.

एतद्, अदस्, અને इदम् નપું. દર્શક સર્વનામોની જેમ तत्- (નપું.) સર્વનામ પણ વૈદિક ગદ્યમાં ક્રિયાવિશેષણના અનેકવિધ અર્થમાં પ્રયોજાય છે. (જુઓ સ્પાયર ૧૮૯૬: §૧૪૭, પા. ૪૩ અને સ્પાયરઃ ૧૮૮૬ §૨૭૦-૪, પા. ૨૦૯); દા.ત. આવાં સર્વનામો "આથી/તેટલા માટે", "પરિણામે" "તેથી" એવા અર્થમાં કોઈ તર્કસંબદ્ધ કાર્યનું પરિણામ સૂચવે છે. (જુઓ સ્પાયર ૧૮૮૬ : §૪૪૪; પા. ૩૪૪ અને દેલ્બ્રૂક §૧૪૧ પાનાં ૨૧૬.....; તથા મિનાર્ડ ૧૯૩૬, §૨૯૪, પા. ૯૩); ઉપરાંત, "પછી" (then); "એ પછી" તેમજ "આના લીધે/ આ કારણે" એવા અર્થો પણ વેરપોર્ટને (પા. ૨૯૭) દર્શાવ્યા છે. આ સર્વનામો "ત્યાં/અહીં" એવા અર્થમાં કોઈ સ્થળનું સૂચન અથવા કોઈ પ્રસંગનો નિર્દેશ પણ કરે છે. (જુઓ બોડેવિત્ઝ પા. ૧૫૯; રણૂ ૧૯૬૧; §૧૧૯ c, પા. ૧૫૬); જેમ કે,

**(i) શતપથબ્રાહ્મણ (માધ્યંદિન-શાખા) ૨.૫.૨.૫** (પા. ૧૮૦)

तद्वै द्वे वेदी द्वावग्नी भवतः ।

"અહીં- આ યજ્ઞમાં - (=तत्) બે વેદિ અને બે અગ્નિ હોય છે."

અથવા તો, "એ પ્રસંગે", એવા અર્થમાં પણ तत् સર્વનામ કોઈવાર કોઈ પરિસ્થિતિનો નિર્દેશ કરે છે; જેમ કે,

**(ii) શતપથબ્રાહ્મણ (કાણ્વશાખા) ૨.૨.૧.૧૬** (પા. ૮૫)

स यत्र विश्वरूपं त्वाष्ट्रमिन्द्रो जघान तस्य ह वध्यस्य विदां चक्रुः शश्वद्धैनं त्रित एव जघान तदत्यह तदिन्द्रोऽमुच्यत देवो

हि सः ।

"ઈંદ્ર જ્યારે ત્વષ્ટૃના પુત્ર વિશ્વરૂપને હણ્યો/માર્યો; તેમણે (એક્ત, દ્વિત,અને ત્રિત; ત્રણેએ) જાણ્યું કે તે વધ કરવા યોગ્ય હતો. કદાચ (=शश्वत् + ह) એને ત્રિતે જ હણ્યો. તે પ્રસંગે (=तत्) ઈંદ્ર (હણવાના દોષથી) સંપૂર્ણ રીતે મુક્ત થયો, (કારણ કે) તે દેવ છે."

અહીં મિનાર્ડ (૧૯૪૯, § ૫૮૯ c પા. ૨૦૨) જણાવે છે કે એક तत् સર્વનામ ક્રિયાપદ સાથે સંબંધિત છે; અને બીજું ક્રિયાવિશેષણ છે. આવા અર્થો ઉપરાંત, तत् સર્વનામ "આના અનુસંધાનમાં" - એવો અર્થ પણ વાક્યમાં દર્શાવે છેઃ જેમ કે

(iii) **શતપથ બ્રાહ્મણ (માધ્યદિન-શાખા) :** ૧૦-૫-૨-૪ (પા. ૭૯૨); ૧૦-૫-૪-૧૬ (પા. ૮૭), સરખાવો : શતપથ બ્રાહ્મણ (માધ્યંદિન-શાખા); ૧૧-૫.૫.૧૨ (પા. ૮૬૫); ૧૨.૩.૨.૭ (પા. ૯૧૨).

(iv) બૃ. ઉપ. ૨-૨-૩, ૪-૪-૬ વગેરે; સરખાવો : **બૃ.ઉપ** : ૪-૩-૧૧, ૪-૪-૮.

**(v) છા.ઉપ. ૨.૨૧.૩**, ૩.૧.૧૧, ૫-૨-૯, ૫-૧૦-૯, ૫-૨૪-૫., ૭-૨૬-૨ અને ૮.૬.૬ વગેરેમાં तदेष श्लोकः "આના અનુસંધાનમાં (=तद्) આ શ્લોક છે".

ટૂંકમાં, આ બધાં ઉદાહરણોમાં तत् સર્વનામ કોઈ પુરોવર્તી હેતુ કે પ્રસંગના સંદર્ભમાં યોજાયું હોય છે; અને એ પુરોવર્તી હેતુ/પ્રસંગ અને तत् સર્વનામથી યુક્ત ઉત્તરવર્તી વિધાન; એ બંનેનો तत् સર્વનામ સંબંધ દર્શાવે છે.

વળી, तत्त्वमसिનું तत् દર્શક સર્વનામ પણ કોઈક આવા ક્રિયાવિશેષણના અર્થમાં રહ્યું હોય. આવા અર્થની સમાંતર જતું નીચે દર્શાવેલું ઉદાહરણ આ બાબત વધુ સ્પષ્ટ કરશે; જેમ કે

**(vi) તૈત્તિરીય સંહિત ૧-૫.૭.૬** (પા. ૬૧૯-૬૨૦) :

सं त्वमग्ने सूर्यस्य वर्चसागथा, इत्याहैतत्त्वमसीदमहं भूयासमिति वावैतदाह, त्वमग्ने सूर्यवर्चा असीत्याहाशिषमेवैतामाशास्ते ।

"તું, હે અગ્નિ, સૂર્યના પ્રકાશ (वर्चस्) સાથે અહીં આવ્યો છે. તે કહે છે : તે રીતે (एतत्) તું છે, તે રીતે (इदम्) હું હોઉં । તે આમ કહે છે : તું, હે અગ્નિ, સૂર્યનો પ્રકાશ (वर्चस्) ધરાવે છે; એમ તે કહે છે તે આ આશિષ છે, જે તે જણાવે છે."

સરખાવો : तत्त्वमसि વિધાન; અને અહીં एतत्त्वमसि તથા इदमहं भूयासम्. અહીં एतद् અને इदम्, બંને સર્વનામો અગ્નિ એ પ્રાપ્ત કરેલી સ્થિતિ ના (સૂર્યવર્ચસ્) સંદર્ભમાં યોજાયાં છે.આ રીતે तत्वमसि વિધાનમાં तत् સર્વનામ પણ અગાઉ જણાવેલી સ્થિતિના -વડવૃક્ષ (न्युग्रोध) અને સર્વજગતના (છા.ઉપ. ૬-૧૨)- સંદર્ભમાં યોજાયું છે. જગત્ અને વડવૃક્ષ, બંને અણિમાથી/સૂક્ષ્મતમ તત્ત્વથી વ્યાપ્ત છે, અને આ અણિમા સત્ય છે; તેમનો આત્મા છે; તે રીતે, શ્વેતકેતુ પણ અણિમાથી વ્યાપ્ત છે. આમ, પ્રસ્તુત ધ્રુવપંક્તિનો અનુવાદ આ રીતે સંભવી શકે :

"તે કે જે આ સૂક્ષ્મતમ તત્ત્વ છે; એ (સૂક્ષ્મતમ તત્ત્વ) आत्म्य (વાળું) (આત્મસ્વરૂપ) આ આખું જગત છે. એ (સૂક્ષ્મતમ તત્ત્વ) સત્ય છે; એ (સૂક્ષ્મતમ તત્ત્વ) આત્મા છે, હે શ્વેતકેતુ, આ રીતે (तत्) તું છે."

છા.ઉપ.૬.૧૨ નો યથાર્થ ઉપસંહાર-અંત-આ ધ્રુવપંક્તિથી થયો છે. અહીં આ ધ્રુવપંક્તિનું અસ્તિત્વ મૂળ, યોગ્ય અને સ્વાભાવિક છે; અને તે અહીં ઉપદેશની પરાકાષ્ઠા દર્શાવે છે. આ ૧૨ મા ખંડની સમગ્ર વિચારધારા તર્કસંગત રહી છે.; જેમ કે , પ્રથમ, વડવૃક્ષ અદશ્ય તત્ત્વમાંથી ઉદ્ભવે છે એમ સ્પષ્ટ કરી ધ્રુવપંક્તિ દ્વારા વ્યક્ત કર્યું કે આ સર્વજગત એ અદષ્ટ તત્ત્વથી અસ્તિત્વ ધરાવે છે. આ તત્ત્વ સત્ય છે, કારણ કે તે શાશ્વત છે, વાસ્તવિક છે. આ તત્ત્વ વળી આત્મા છે; કારણકે તેના આધારે દરેક જીવી રહ્યું છે; અને અંતે ઉદ્દાલક પોતાની આવી વિચારધારા -ઉપદેશ- વ્યક્તિગત રીતે સમેટે છે કે શ્વેતકેતુએ પોતાની જાતને આ રીતે (तत्) વિચારવી જોઈએ. વડવૃક્ષ, આખું જગત, વગેરેની જેમ શ્વેતકેતુ પણ સૂક્ષ્મતત્ત્વથી વ્યાપ્ત છે, તે તેનું સત્ય છે, તેનો આત્મા છે.

§૧૩ : સાંપ્રદાયિક વિવાદ અને ઉપસંહાર :

છા. ઉપ. ૬.૮-૧૬ ની આ ધ્રુવપંક્તિના સંબંધમાં तत्त्वमसि વિધાનના ઉપર્યુક્ત વિવેચન ઉપરથી એટલું નિશ્ચિત થાય છે કે, આ વિધાનમાં આવતું तत् સર્વનામ ब्रह्म ના, કે आत्मा, सत् કે अणिमा માંથી કોઈના પણ સંદર્ભમાં યોજાયું નથી. આના અનુસંધાનમાં જો કે આ ધ્રુવપંક્તિ ઉપર મળી આવતાં ભાષ્યોમાં શાંકરભાષ્ય સૌથી પ્રાચીન હોવાથી અમે શાંકરભાષ્યની સમીક્ષા કરી છે (જુઓ §§૨-૩). છા. ઉપ. ના છઠ્ઠા અધ્યાયની પરસ્પર વિષય-સંગતિ, ધ્રુવપંક્તિની વાક્યરચના અને વ્યાકરણ, વગેરે મુદ્દાને ધ્યાનમાં લેતાં तत्त्वमसिનું વિવરણ શાંકરભાષ્યમાં યથાર્થ થયું નથી એ સ્પષ્ટ થાય છે.

આ રીતે શંકર પછીના અદ્વૈતવેદાંતના કે શંકરના અનુયાયીઓ કે સાંપ્રદાયિક પક્ષકારો तत्त्वमसि માં આવતા तत् સર્વનામનો સંબંધ કોની સાથે અને કેવી રીતે યોજે છે, તેની સમીક્ષા અહીં યોગ્ય નથી.

આ ઉપરાંત, શંકરના કે અદ્વૈતવેદાંતના કેટલાયે પ્રતિપક્ષી વેદાંતમતાવલંબીઓ પણ तत्त्वमसि ના तत् સર્વનામનો ब्रह्म સાથે સંબંધ ઈચ્છે છે; પરંતુ ઉપર્યુક્ત तत्त्वमसि ના વિસ્તૃત વિવેચન ઉપરથી એ પણ સ્પષ્ટ થાય છે કે तत्त्वमसिના तत् સર્વનામનો સંબંધ ब्रह्म સાથે છે જ નહીં (જુઓ § ૭)

અહીં એ પણ નોંધવું આવશ્યક છે કે અદ્વૈતવેદાંતના પ્રતિપક્ષી વેદાંતીઓ तत्त्वमसिમાં આવતા तत् અને त्वम्; બંનેના તાદાત્મ્ય સંબંધથી જુદા કોઈ વિશિષ્ટ સંબંધ માટે દલીલ કરે છે. માધ્વ સંપ્રદાયના વિષ્ણુદાસાચાર્યે તેના વાદરત્નાવલિ નામે ગ્રંથના એક વિભાગમાં પાણિનિની અષ્ટાધ્યાયીનો આધાર લઈ વીસ પ્રકારે એવું પુરવાર કરવા પ્રયાસ કર્યો છે કે तत्त्वमसि વિધાનમાં तत् અને त्वम्નો તાદાત્મ્ય સંબંધ સંભવે જ નહીં; જેમકે,

(૧) "તું તેના જેવો (तत्) છે" એવો સંબંધ શક્ય નથી. (પ્રકાર ૩)

(૨) ઊંચે દોરીથી બાંધેલા પક્ષીની જેમ "તું તેને (तत्) બંધાયેલો નથી" એવો સંબંધ પણ નથી. (પ્રકાર ૪)

(૩) "તું તેનો (तत्) આશ્રિત છે" એવો સંબંધ પણ નથી. (પ્રકાર ૯)

(૪) "તું તે (तत्) સ્વરૂપે છે." એવો સંબંધ પણ નથી. (પ્રકાર ૧૦) વગેરે વગેરે !

અંતે- ઉપસંહાર રૂપે- વિષ્ણુદાસચાર્યે મધ્વાચાર્યના છા.ઉપ. ૬.૮.૭. ઉપરના ભાષ્યના આધારે ધ્રુવપંક્તિનું એક પાઠાંતર સૂચવ્યું છે કે

स य एषो....... **स आत्मा + अतत् त्वमसि**....।

અહીં तत्ને બદલે अतत् પાઠાંતર ધ્યાનમાં લેવા જેવું આકર્ષક લાગે, પણ આ પાઠાંતર અશક્ય છે. (બ્રેરેટન. પા. ૧૦૯ અને નોંધ. ૩૩ માંથી) !

## પરિશિષ્ટ ૧ : સર્વનામોની તારવણી

(૧) વૈદિક ગદ્યની વાક્યરચનામાં સર્વનામનો "જાતિ-વચન-સ્વીકારનો નિયમ" (Gender-Number-Agreement). §§4-5.

**પૂર્વાંશ વાક્યમાં :**




(૨)વૈદિક ગદ્યમાં एतद् (નપું), अदस् (નપું.) અને इदम् (નપું.) ની જેમ तत् (નપું) ક્રિયાવિશેષણ તરીકે §૧૨.

૧. "તેથી", "પરિણામે" ના અર્થમાં,
૨. "તે પછી", "આના પછી", "આના લીધે" ના અર્થમાં,
૩. "ત્યાં" (સ્થાનસૂચક) ના અર્થમાં,
૪. "તે....માં/તેમાં" (પ્રસંગસૂચક)ના અર્થમાં,
૫. "એ બાબતે", "આના સંદર્ભમાં","આના અનુસંધાનમાં" ના અર્થમાં.

## પરિશિષ્ટ ૨

### આ સંશોધન-લેખમાં વૈદિક ગ્રંથોનાં વિવેચનો આવરી લેતા સંદર્ભો.

**સંહિતા ગ્રંથો :**

**તૈત્તિરીય સંહિતા**

૧.૫.૭.૬ =§૧૨ vi.

મૈત્રાયણીય સંહિતા

૧.૪.૬ =§૩.૧.

**બ્રાહ્મણ-ગ્રંથો :**

ઐતરેય-બ્રાહ્મણ ૩.૧૬.૧. §૫.૮

૩.૧૪.૨. =§૪.૨.

૪.૧૭.૬ =§૪.૪.

**જૈમિનીય બ્રાહ્મણ**

૩.૧૨૬ =§૪.૩.

૩.૩૨૬ =§૪.૧.

તૈત્તિરીય બ્રાહ્મણ

૩.૯-૧૭.૩ : §૩.૨

શતપથ બ્રાહ્મણ

(કા.) ૨.૨.૧.૧૬ =§૧૨.ii

(મા.) ૨.૫.૧.૧૮ =§૪-૫

૧૦-૫.૨.૪ }
૧૦.૫.૪.૧૬ } §૧૨.iii
૧૧.૫.૪.૧૨ }
૧૨.૩.૨.૭ }

ઉપનિષદો :

**છા.ઉપ.**

૧.૩.૩ =§૫. ૭.

૨.૩-૪ =§૫. ૩.

૨.૭.૨: §૫.૮.

૨.૨૧.૧. §૧.૩

૨.૨૧.૩. § ૧૨.v.

૩.૧.૧-૪ : § ૫.૫.

૩.૬.૧ = § ૫.૫.

છા.ઉપ.

૩.૧૧.૧ § ૧૨.v.

૩.૧૬.૧ §૩.૧

૩.૧૭.૧ =§ ૫.૧૦.

૩.૧૯.૨ =§ ૫.૮.

૪.૩.૮ =§૫.૨

૫.૨.૯ }
૫.૧૦.૯ } §૧૨.ફ.
૫.૨૪.૫ }

૬.૮-૧૬. §§ ૨.૩.

૬.૮-૧૦ =§ ૭.૧

૬.૮.૧ §૭.૧

૬.૮.૪ §૭.૧

૬.૮.૬ §૭.૧

૬.૮.૭. =§ ૨(શાં.ભા.)

૬.૯.૨ §૭.૧

૬.૯-૩ § ૭.૧

૬-૧૦.૧ § ૫.૧.

૬.૧૦.૨=§ ૭.૧

૬.૧૧-૧૩. § ૮

૬.૧૨ =§§ ૮, ૯, ૧૨.vi.

૬.૧૨.૨. = §૮

૬.૧૩ =§ ૮

૬.૧૪ =§ ૮.

૬.૧૪. =§ ૧૧.૧

૬.૧૪.૩ =§ ૧૧.ii

૬.૧૪.૪ =§૧૧

૬.૧૫ : § ૧૧.

૬.૧૫.૧§૧૧.

૬.૧૬.૩. =§ ૯

છા.ઉપ.

૭.૪.૧ =§ ૫.૪

૭.૪.૨ =§૫.૨.

૭.૨૩.૧=§૫. ૬.

૭.૨૪.૧ =§૫.૯

૭.૨૫.૧. =§૫.૧૧.

૭.૨૬.૨ =§૧૨.ફ.

૮.૬.૬ =§૧૨. ફ.

બૃ.ઉપ.

૨.૨.૩. =§૧૨ iv.

૨.૩.૬ =§૯

૨.૪ (કા.) }
૨.૪ (મા.) } §૧૦.

૩.૯.૯ §૭.૪

૩.૯.૨૬.§૯

૪.૨.૪ =§૯

૪.૩.૧૧ }
૪.૪.૬ } §૧૨iv
૪.૪.૮ }

૪.૪.૨૨ =§ ૯

૪.૫. §૧૦

૪.૫.૧૫ (કા.).
§§૯,૧૦,૧૦.૧, ૧૧.

૪.૫.૨૪-૨૫ (મા) : §૧૦

મુંડક ઉપ.

૨.૨.૧૨ =§૫.૧૧.

નિરુક્ત =૪.૨૫ =§૫.૫.

પાણિનિ =૨.૩.૪૬ =§૪

૨.૪.૩૨-૩૪ =§૫.૫.

---

## પરિશિષ્ટ ૩

## સંદર્ભ-ગ્રંથ અને સંકેત સૂચી (અક્ષરાનુક્રમે)


ઈક્લેર : Ingeborg Ickler. Untersuchungen zur Wortstellung und Syntax der Chāndogyopaniṣad (છા.ઉપ.ના શબ્દ- વિન્યાસ તથા વાક્યરચના સંબંધી સંશોધનો) ગ્યોપીંગન ૧૯૭૩.

ઉપ =ઉપનિષદ્.

એગેલીંગ J.Eggelin. The Śatapatha Brāhmaṇa Vol. 1 (Trans.) ઓક્સફર્ડ ૧૮૮૧. (Sacred Books of the East Series.)

એજર્ટન Franklin Edgerton. The Beginnings of Indian Philosophy. કેંબ્રિજ (MA) ૧૯૬૫.

ઐતરેય બ્રાહ્મણ: ઐતરેય બ્રાહ્મણ, આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિ ૩૨, પૂના ૧૯૩૧,

ઓફ : Theodor Aufrecht; ed. Aitareya Brāhmaṇa. બૉન ૧૮૭૯. પુનર્મુદ્રણ =Georg Olms. (?)

ઑલિવેલ્લે Patrick Ollivelle. The Early Upanisads. Annotated texts and Trans. South Asia Research. ન્યૂયોર્ક ૧૯૯૮.બૃ.ઉપ. પા. ૩૬-૧૬૫. છા.ઉપ. પા. ૧૭૦-૨૮૭ અને મુંડક ઉપ. પા. ૪૩૬-૪૫૫.

છા. ઉપ. છાન્દોગ્ય ઉપનિષદ્ જુઓ =પૂના. (અહીં અમે આ પૂનાની આવૃત્તિમાંથી ઉલ્લેખો આપ્યા છે.) સમીક્ષાત્મક આવૃત્તિ માટે જુઓ = ઑલિવેલ્લે પા. ૧૭૦-૨૮૭.

છા. ઉપ. (શાંકરભાલ્ય) : જુઓ પૂના.

જેમિસન =S.W. Jamison. Fucntion & Form. in the -'aya-Formation of the Ṛgveda & Atharava veda. ગ્યોટીંગન ૧૯૮૩.

જૈમિનીય બ્રાહ્મણ : જૈમિનીય બ્રાહ્મણ. ed. ડો. રઘુવીર અને ડો. લોકેશચંદ્ર. સરસ્વતી વિહાર સીરીઝ ૩૧. નાગપુર ૧૯૫૪.

તૈત્તિરીય બ્રાહ્મણ : તૈત્તિરીય બ્રાહ્મણ. આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિ ૩૭, પૂના ૧૯૩૮.

તૈત્તિરીય સંહિતા = તૈત્તિરીય સંહિતા. ભાગ.૨. આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિ ૪૨, પૂના. ૧૯૪૦.

દેલ્બ્રૂક = B.Delbrück. Altindische Synatax (પ્રાચીન ભારતીય વાક્યરચના). હાલ્લ, a.d.s. ૧૮૮૧. પુનર્મુદ્રણ. Darmastadt ૧૯૬૮.

નિરુંક્તઃ નિઘંટુ અને નિરુક્ત-=સાર્વજનિક એજ્યૂકેશન સોસાયટી, સૂરત ૧૯૭૨

પાણિનિ પાણિનિની અષ્ટાધ્યાયી અને પતંજલિનું મહાભાષ્ય. ભાગ. ૧-૩. ભારત-સરકાર તરફથી. મોતીલાલ બનારસીદાસ. દિલ્હી. (અહીં ફક્ત ભાગ ૨) ૧૯૬૭.

પૂના છાન્દોગ્ય ઉપનિષદ્ શાંકરભાષ્ય સાથે. આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલિ ૧૪. પૂના ૧૯૩૪.

બૃ.ઉપ. બૃહદારણ્યક ઉપનિષદ્ પ્રો એસ. કપ્પૂસ્વામિ શાસ્ત્રી અદ્વૈતઆશ્રમ, આલમોરા (સમીક્ષાત્મક આવૃત્તિ માટે જુઓ. ઓલિવેલ્લે : પા. ૩૬-૧૬૫). અમારા ઉલ્લેખો પૂના-આવૃત્તિમાંથી.

બૃ.ઉપ. (કાણ્વશાખા). જુઓ =ઓલિવેલ્લે પા. ૩૬-૧૬૫.

બૃ.ઉપ. (માધ્યદિન શાખા) જુઓ ઓલિવેલ્લે પા. ૩૩-૩૫ (ફક્ત સમાંતર જતી કાણ્વશાખા અને માધ્યંદિનશાખાના ગ્રંથોનું લીસ્ટ.)

બોડેવિત્ઝ =H.W. Bodewitz. Jaiminīya. Brāhmaṇa. 1.1.65 લાયડેન ૧૯૭૩.

બ્યોહતલિંક Otto Böhtlingk = Khāndogyopanishad. (ed. and Trans. German). લાયપ્ઝીગ ૧૮૮૯.

બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય = બ્રહ્મસૂત્ર અને શાંકરભાષ્ય ed. M.S.Bakre પુનર્મુદ્રણ વાસુદેવ લક્ષ્મણ શાસ્ત્રી પણશીકર. નિર્ણય સાગર પ્રેસ. મુંબઈ ૧૯૮૪.

બ્રેરેટન = Joel P. Brereton 'TatTvam Asi' in Context, in = Zeitschrift der Deutschen Morgenländischen Gesellschaft (ZDMG=Journal of the German Oriental Society.) ૧૩૬, વીસબાડન ૧૯૮૬, પા. ૯૮-૧૦૯.

મિનાર્ડ ૧૯૩૬ A. Minard =La Subordination dan la Prose vediques. પેરિસ ૧૯૩૬.

મિનાર્ડ-૧૯૪૯ A.Minard. Trois Enigmes sur le Cent Chmins I. પેરિસ ૧૯૪૯.

મિનાર્ડ-૧૯૫૬ A.Minard. Trois Enigmes Sur le Cent Chemis II. પેરિસ ૧૯૫૬.

મું. ઉપ. મુંડક ઉપનિષદ્ આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલી. ૯ પૂના. શાલિ ૧૮૧૦ (સમીક્ષાત્મક આવૃત્તિ માટે જુઓ. ઓલિવેલ્લે પા. ૪૩૬-૪૫૫.) અમારા ઉલ્લેખો પૂના-આવૃત્તિમાંથી.

મૈત્રાયણીય સંહિતા મૈત્રાયણીય સંહિતા. ભાગ.૧. ed. L. von Schroeder. વીસબાડન ૧૯૭૦

રણુ-૧૯૫૫ L. Renou. Etudes vedigues et pāṇineenes I પેરિસ ૧૯૫૫.

રણુ-૧૯૬૧ L. Renou. Grammaire sanscrite. પેરિસ ૧૯૬૧.

વિટ્ઝેલ M. Witzel, Tracing the Vedic Dialectes in Dialectes dans Les Literatures Indo-Aryennes. પેરિસ ૧૯૬૯) પા. ૯૭.-૨૬૫.

વેરપોર્ટન J.M. Verpoorten. L'Order des Mots dans L'Aitareya- Brāhmaṇa. પેરિસ ૧૯૭૭.

શતપથ બ્રાહ્મણ (કાણ્વશાખા) શતપથબ્રાહ્મણ- કાણ્વશાખા. ed. Caland. પંજાબ સંસ્કૃત સીરીઝ ૧૦, ૧૯૨૬. પુનર્મુદ્રણ : ડૉ. રઘુવીર. મોતીલાલ બનારસીદાસ દિલ્હી ૧૯૮૩.

શતપથ બ્રાહ્મણ (માધ્યંદિન શાખા) શતપથ બ્રાહ્મણ. માધ્યંદિન શાખા. ed. Albrecht Weber. ચૌખંબા સંસ્કૃત સીરીઝ ૯૬. વારાણસી ૧૯૬૪.

શંકર શાંકરભાષ્ય છા.ઉપ.ઉપરનું શાંકરભાષ્ય જુઓ =પૂના.

સેનાર્ટ Emil Senart =ed-Chāndogya-Upaniṣad. પેરિસ ૧૯૩૦.

સ્પાયર-૧૮૮૬ J.S. Speijer. Sanskrit Syntax. લંડન ૧૮૮૬. પુનર્મુદ્રણ =મોતીલાલ બનારસીદાસ. દિલ્હી ૧૯૭૩.

સ્પાયર-૧૮૯૬ J.S.Speijer. Vedische-und Sanskritsyntax (વૈદિક અને સંસ્કૃત વાક્યરચના) સ્ટ્રાસબુર્ગ ૧૮૯૬.

હાનેફેલ્ડ E. Hanefeld. Philsophische Haupttexte der Älteren Upaniṣaden (તત્ત્વજ્ઞાનનાં પ્રાચીન ઉપનિષદોના મુખ્ય ગ્રંથો.) વીસબાડન ૧૯૭૬.

હામ F.R.Hamm. Chāndogyopaniṣad VI. Ein erneuter Versuch. (છા.ઉપ.૬. એક નવો પ્રયાસ) in Festschrift für Frauwallner વિયેના ૧૯૬૮, પા. ૧૪૯-૧૫૯.

હિલેબ્રાંટ A. Hillebrandt. Aus Brāhmaṇas und Upanishaden (બ્રાહ્મણગ્રંથો અને ઉપનિષદોમાંથી.) યેના ૧૯૨૧.

હ્યુમ R.E.Hume. The Thirteen Principal Upanishads. બીજી આવૃત્તિ. ઓક્સફર્ડ ૧૯૩૧. પુનર્મુદ્રણ =મદ્રાસ ૧૯૪૯.